


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 269
Dt.: 03-08-2025, Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### મોદીએ પીએમ કિસાન સન્માન નિધિના ૨૦માં હપ્તાની જાહેરાત કરી

# મહાદેવના આશીર્વાદથી દીકરીઓના સિંદૂરનો બદલો લીધોઃ વડાપ્રધાન મોદી

### વારાણસી પહોંચેલા વડાપ્રધાને સેવાપુરીના બનૌલી ગામમાં ૨૧૮૩.૪૫ કરોડ રૂપિયાના ૫૨ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું



(સંપૂર્ણ સમાચાર સેવા)વારાણસી

ઓપરેશન સિંદૂર પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલી વાર તેમના મત વિસ્તાર વારાણસી પહોંચ્યા હતા. જ્યાં તેમણે સેવાપુરીના બનૌલી ગામમાં ૨૧૮૩.૪૫ કરોડ રૂપિયાના ૫૨ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું અને ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિનો ૨૦માં હપ્તાની જાહેરાત કરી. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ જાહેર સભાને સંબોધતા કહ્યું કે, મારી દીકરીઓના સિંદૂરનો બદલો લેવાનું મેં જે વચન આપ્યું હતું તે પણ પૂર્ણ થયું છે. જે મહાદેવના આશીર્વાદથી જ પૂર્ણ થયું.

સભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર પછી આજે હું પહેલી વાર કાશી આવ્યો છું. ૨૨મી એપ્રિલે પહલગામમાં આતંકી હુમલો થયો હતો, ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવી હતી. તેમના પરિવારોની પીડા, તે બાળકોની પીડા, દીકરીઓની પીડા, મારું હૃદય ખૂબ જ પીડામાંથી પસાર થયું હતું. ત્યારે હું બાબા વિશ્વનાથને પ્રાર્થના કરી રહ્યો હતો કે તે બધા પીડિત પરિવારોને આ પીડા સહન કરવાની હિંમત આપે.

ઓપરેશન સિંદૂર અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, મારી દીકરીઓના સિંદૂરનો બદલો લેવાનું મેં જે વચન આપ્યું હતું તે પણ પૂર્ણ થયું. મહાદેવના આશીર્વાદથી જ આ શક્યું બન્યું. હું ઓપરેશન સિંદૂરની સફળતા તેમના ચરણોમાં સમર્પિત કરું છું. કોંગ્રેસ પર પ્રહાર કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂરની સફળતાથી દેશના કેટલાક લોકોના પેટમાં દુઃખાવો થઈ રહ્યો છે. કોંગ્રેસ પાર્ટી અને તેના લોકો એ હકીકતને પચાવી શકતા નથી કે ભારતે આતંકીઓના ઠેકાણાઓનો નાશ કર્યો છે. કોંગ્રેસે ઓપરેશન સિંદૂરને દેખાડો ( તમાશા ) ગણાવ્યું, વાસ્તવિકતા એ છે કે કોંગ્રેસ આતંકીની હાલત જોઈને રડે છે. તમે મને કહો કે શું સિંદૂર ક્યારેય દેખાડો હોઈ શકે છે? શું કોઈ સિંદૂરને દેખાડો કહી શકે? શું આતંકીઓને મારવા માટે પણ રાહ જોવી જોઈએ? શું મારે આતંકીઓને ઠાર કરવા માટે સપાને બોલાવવા જોઈએ?

વડાપ્રધાન મોદીએ કાશીમાં ૨૨૦૦ કરોડ રૂપિયાના ૫૨ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે દેશભરના ૯.૭ કરોડથી વધુ ખેડૂતો માટે સન્માન નિધિ (૨૦ હજાર ૫૦૦ કરોડ રૂપિયા)ના ૨૦મા હપ્તાની પણ જાહેરાત કરી. આ ઉપરાંત દાળ મંડી પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બનૌલીમાં જાહેર સભા સ્થળે તેમનું સ્વાગત કર્યું હતું. સીએમ યોગીએ કહ્યું, ઓપરેશન સિંદૂરની સફળતા પછી વડાપ્રધાન મોદી કાશી પહોંચ્યા છે. આ નવું ભારત દુશ્મનના ઘરમાં ઘૂસીને આતંકવાદીઓને ખતમ કરવાનું કામ કરે છે. આ સાથે તેમણે તમિલનાડુના બૃહદેશ્વર મંદિરનો ઉલ્લેખ કર્યો. પીએમ આ મંદિરમાં દર્શન માટે પણ પહોંચ્યા હતા. તે લગભગ ૧૦૦૦ વર્ષ જૂનું છે, જે રાજા રાજેન્દ્ર ચોલ દ્વારા બનાવવામાં આવ્યું હતું. અહીં જાણો આ મંદિર સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો અને તેનો ઈતિહાસ શું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં આ મંદિરનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું, થોડા દિવસો પહેલા હું તમિલનાડુના એક મંદિરમાં ગયો હતો. તે લગભગ ૧ હજાર વર્ષ જૂનું છે, જે રાજા રાજેન્દ્ર ચોલ એ બનાવ્યું હતું. પીએમે આગળ કહ્યું, રાજેન્દ્ર ચોલ એ ઉત્તર ભારતમાંથી ગંગાનું પાણી લાવીને ઉત્તરને દક્ષિણ સાથે જોડ્યું હતું. તમને જણાવી દઈએ કે જ્યારે પીએમ તમિલનાડુ ગયા હતા, ત્યારે તેમણે આ મંદિરની મુલાકાત લીધી હતી.

ભારતના તમિલનાડુના અરિયાલુર જિલ્લામાં બૃહદીશ્વર મંદિર બનાવવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર યુનેસ્કો હેરિટેજ સાઈટ ગંગાઈકોંડા ચોલપુરમનું બૃહદીશ્વર મંદિર ૧૦૦૩ થી ૧૦૧૦ એડી વચ્ચે બનાવવામાં આવ્યું હતું. તે ચોલ શાસક રાજેન્દ્ર ચોલ પ્રથમ દ્વારા બનાવવામાં આવ્યું હતું. માહિતી અનુસાર રાજાએ ઘણા પ્રાંતોમાંથી ગંગા જળ લાવીને મંદિરના કૂવામાં રેડ્યું હતું. આ સૌથી મોટા શિવ મંદિરોમાંનું એક છે. તેમાં ૧૩ ફૂટ ઊંચું શિવલિંગ સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સાથે નંદી અને સુંદર કલાકૃતિઓ બનાવવામાં આવી છે. આજે તેને યુનેસ્કો હેરિટેજ સાઈટ્સમાં સામેલ કરવામાં આવ્યું છે. રાજેન્દ્ર ચોલ પ્રથમને ૧૦૧૪-૧૦૪૪ ઈ.સ.ના સૌથી શક્તિશાળી શાસકોમાંના એક માનવામાં આવે છે. તેમના સામ્રાજ્યના ઘણા ક્ષેત્રોમાં તેમનો મજબૂત પ્રભાવ હતો, રાજાએ ઘણા યુદ્ધો જીત્યા હતા. તેમણે ગંગાઈકોંડા ચોલપુરમને પોતાની રાજધાની બનાવી હતી.

### દુષ્કર્મ કેસમાં કોર્ટે દોષિત ઠેરવ્યો હતો

# પ્રજ્વલ રેવન્નાને આજીવન કેદની સજા કોર્ટે સંભળાવી

### સજાની સાથે કોર્ટે ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે : કોર્ટે કહ્યું કે, પીડિતાને ૭ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

દુષ્કર્મ કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા JDS (સેક્યુલર)ના હાંકી કઢાયેલા અને ભૂતપૂર્વ લોકસભા સાંસદ પ્રજ્વલ રેવન્નાને શનિવાર (૨ ઓગસ્ટ, ૨૦૨૫)ના રોજ કોર્ટે આજીવન કેદની સજા સંભળાવી છે.

કોર્ટનો ચુકાદો સાંભળીને રેવન્ના કોર્ટમાં ભાવુક થઈ ગયો અને રડી પડ્યો હતો.

આ ચુકાદો બેંગલુરુ ખાતે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સંબંધિત કેસોની સુનાવણી માટે રચાયેલી સ્પેશિયલ કોર્ટે આ ચુકાદો આપ્યો છે. સજાની સાથે કોર્ટે ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે કહ્યું કે, પીડિતાને ૭ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે.

ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટના સાયબર ક્રાઈમ સ્ટેશન ખાતે ૧૪ મહિના પહેલાં મૈસુરના કેઆર નગરમાંથી પાર્ટીની સ્થાનિક કાર્યકરે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પ્રજ્વલ રેવન્નાએ તેના પર દુષ્કર્મ આચરી વીડિયો ઉતાર્યો હોવાનો આરોપ મૂક્યો હતો. સીઆઈડીની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે આ કેસમાં તપાસ હાથ ધરી હતી. જેમાં ૨૦૦૦ પાનાની ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કુલ ૧૨૩ પુરાવા મેળવવામાં આવ્યા હતાં. જે રેવન્ના વિરૂદ્ધ આરોપો સાબિત કરતા હતાં. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪થી ટ્રાયલ શરૂ થઈ હતી. કોર્ટમાં ૨૩ સાક્ષીઓ રજૂ થયા હતાં. જેના આધારે શુક્રવારે (૧ ઓગસ્ટ) ચુકાદો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ આજે (૨ ઓગસ્ટ) સજા સંભળાવવામાં આવી છે.

કર્ણાટકના જનતા દળ- સેક્યુલર (JDS)ના પૂર્વ સાંસદ અને પૂર્વ મંત્રી એચ.ડી. રેવન્નાના પુત્ર પ્રજ્વલ રેવન્ના પર દુષ્કર્મના આરોપ મૂકાયા હતા. જેમાં કહેવાયું હતુ કે તેણે હાસનમાં આવેલા પોતાના ફાર્મ હાઉસમાં ઘણી મહિલાઓ પર દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ તેના વીડિયો પણ ઉતાર્યા હતા. મોબાઈલમાં શૂટ વીડિયો આ કેસનો મહત્ત્વનો પુરાવો સાબિત થયા હતા. વીડિયો ક્લિપ્સને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ફેક્ટ ચેક માટે મોકલવામાં આવી હતી. જે સાચી સાબિત થઈ હતી.

કર્ણાટકની હાસન લોકસભા સીટ પરથી સાંસદ પ્રજ્વલ રેવન્નાએ ચૂંટણી લડી હતી. ૨૬ એપ્રિલે થયેલા બીજા તબક્કાના મતદાન પછી તેના ઘણા અશ્લીલ વીડિયો વાઈરલ થવા લાગ્યા હતાં. ત્યારબાદ પ્રજ્વલ અચાનક ગાયબ થઈને જર્મની પહોંચી ગયો હતો.

પ્રજ્વલ અને તેના પિતા એચડી રેવન્ના સામે દાખલ થયેલી એફઆઈઆર બાદ એચડી રેવન્નાની ધરપકડ થઈ હતી, પરંતુ તેઓ કેટલાક દિવસ જેલમાં રહ્યા પછી જામીન પર બહાર આવી ગયા હતા. તે દરમિયાન ત્નઙ્ઘજીએ પ્રજ્વલ રેવન્નાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યો હતો. એસઆઈટીએ બેંગલુરુ ના કેમ્પેગોડા ઈન્ટરનેશનલ એરપોર્ટથી પ્રજ્વલની ધરપકડ કરી હતી.

# બેટિંગ, લોન એપ્સ પર નિયંત્રણ મુદ્દે સુપ્રીમે રાજ્યોનો મત માંગ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સમગ્ર દેશમાં બેટિંગ એપ્સને ગેરકાયદે જાહેર કરવા અને તેના પર પ્રતિબંધ મૂકવા સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી થઈ છે. અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય સરકારો ઉપરાંત RBI, ED, TRAIને નોટિસ ઈશ્યૂ કરી છે. સરકારી સંસ્થાઓ ઉપરાંત સુપ્રીમ કોર્ટે ગૂગલ ઈન્ડિયા, એપ્પલ ઈન્ડિયા, ડ્રીમ 11, એમપીએલ અને એ 23 ગેમ્સ પાસે પણ ખુલાસો માગ્યો છે. ઓનલાઈન ગેમિંગ અને ફેન્ટસી સ્પોર્ટ્સ પર કડક નિયંત્રણો લાદવા અને કાયદાનું ચુસ્ત પાલન કરવાની માગણી સાથે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી થયેલી છે. જસ્ટિસ સૂર્યા કાંત અને જોયમાલા બાગચીની બેન્ચ સમક્ષ આ કેસની સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં કોર્ટે તમામ રાજ્યોને સંબંધિત ચીફ સેક્રેટરી મારફતે નોટિસ ઈશ્યૂ કરી હતી. આ કેસની સુનાવણી 18 ઓગસ્ટે થવાની શક્યતા છે. અરજદાર ડૉ. કે.એ. પૌલે રજૂઆત કરી હતી કે, ભારતમાં લાખો લોકોની સ્વતંત્રતા અને માનસિક સંતુલન જાળવવા ભારતમાં ગેરકાયદે બેટિંગ એપ્સ પર પ્રતિબંધ જરૂરી છે.અરજીમાં માર્ચ 2025માં તેલંગાણા ખાતે 25 સેલિબ્રિટીઝ સામે નોંધાયેલી ફરિયાદનો ઉલ્લેખ કરાયો હતો, જેમાં સેલિબ્રિટીઝે બેટિંગ એપ્સને પ્રમોટ કરી જનતાને ગેરમાર્ગે દોરવા બદલ ગુનો નોંધાયો હતો. બેટિંગ અને ગેમ્બલિંગ એપ પર નિયંત્રણનો મુખ્ય હેતુ છે.

## રૂ.૬,૦૧૭ કરોડના મૂલ્યની રૂ.૨૦૦૦ની નોટ હજુ પણ ચલણમાંઃ આરબીઆઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ રૂ. ૨૦૦૦ની નોટ ચલણમાંથી પરત ખેંચવાની જાહેરાત કર્યાના બે વર્ષ વિત્યા હોવા છતાં પણ બજારમાં રૂ. ૬,૦૧૭ કરોડના મૂલ્યની નોટો ચલણમાં ફરે છે. આરબીઆઈએ શુક્રવારે સત્તાવાર ડેટા જાહેર કરતા જણાવ્યું કે, ૧૯ મે ૨૦૨૩ના કામકાજના અંતે ચલણમાં ફરી રહેલી રૂ. ૨,૦૦૦ના દરની નોટનું કુલ મૂલ્ય રૂ.૩.૫૬ લાખ કરોડ હતું. જે ૩૧ જુલાઈ ૨૦૨૫ના કામકાજના અંતે ઘટીને રૂ. ૬,૦૧૭ કરોડ થયું છે. આનો અર્થ એ થયો કે આરબીઆઈની જાહેરાત બાદ રૂ. ૨,૦૦૦ના દરની ૯૮.૩૧ ટકા નોટ પરત કરાઈ હતી.રિઝર્વ બેન્ક દેશમાં આવેલી ૧૯ ઈશ્યુ ઓફિસો ખાતે છેલ્લા બે વર્ષથી રૂ. ૨,૦૦૦ના દરની ચલણી નોટો બદલવાની સેવા પૂરી પાડે છે. ૧૯ મે ૨૦૨૩ના આરબીઆઈએ રૂ. ૨૦૦૦ની નોટ પરત ખેંચવાની જાહેરાત કરી હતી. આરબીઆઈ તેની ઈશ્યુ ઓફિસ પર વ્યક્તિઓ/સંસ્થાઓ પાસેથી રૂ. ૨૦૦૦ના દરની ચલણી નોટ સ્વીકારીને તેમના ખાતામાં તેટલી રકમ જમા કરી આપે છે.આ ઉપરાંત દેશના કોઈપણ સ્થળેથી ઈન્ડિયા પોસ્ટ દ્વારા ટપાલ મારફતે પણ આરબીઆઈ ઈશ્યુ ઓફિસને રૂ. ૨૦૦૦ના દરની નોટ ખાતમાં જમા કરાવવા મોકલી શકાય છે. આરબીઆઈની અમદાવાદ, બેંગલુરુ, બેલાપુર, ભોપાલ, ભુવનેશ્વર, ચંડીગઢ, ચેન્નાઈ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, કોલકાતા, લખનૌ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટણા અને તિરુવનંતપુરમમાં કચેરીમાં રૂ. ૨૦૦૦ના દરની નોટ પરત કરી શકાય છે.

### આ મુસદા પ્રમાણે રાજ્યમાં કુલ ૭.૨૪ કરોડ મતદાતાઓ નોંધાયા

# બિહારમાં મતદાર યાદીનો મુસદો જાહેર ૬૫ લાખથી વધુ મતદાતાઓ દૂર કરાયાં

### પહેલી સપ્ટેમ્બર સુધી નામની બાદબાકી અને ઉમેરવાની પ્રક્રિયા હાથ ધરી શકાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

સચૂંટણી પંચે બિહારમાં જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે ડ્રાફ્ટ મતદાર યાદી જારી કરી દીધી છે. આ મુસદ્દા પ્રમાણે રાજ્યમાં કુલ ૭.૨૪ કરોડ મતદાતાઓ નોંધાયા છે. પરંતુ ૬૫ લાખ જેટલા નામોની બાદબાકી કરાઈ છે. એવો દાવો છે કે આ લોકો મરી ગયા છે અથવા પલાયન કરી ગયા છે.

ચૂંટણી પંચના ખાસ ઝુંબેશ હેઠળ તૈયાર કરાયેલા મતદાર યાદીના મુસદાએ ભારે વિવાદ સર્જ્યો છે કેમ કે રાજ્યની વિધાનસભાની ચૂંટણી અગાઉ આ કવાયત કરાઈ હતી. ચૂંટણી પંચે એવું પણ કહ્યું છે કે તે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને જિલ્લાવાર પ્રિન્ટેડ નકલો આપશે. જેથી કરીને વિસંગતિ હોય તો તે દૂર કરી શકાશે. એક મહિના સુધી નામો ઉમેરવા કે કમી કરવા માટે મતદારોને તક આપવામાં આવી છે. અંતિમ મતદાર યાદી પ્રકાશિત થાય તે અગાઉ એટલે કે પહેલી સપ્ટેમ્બર સુધી આ કવાયત હાથ ધરાશે. જોકે રાજ્યમાં મુખ્ય વિરોધ પક્ષ આરજેડીએ આ સિસ્ટમ સામે નારાજગી દર્શાવી છે. તેણે બિહારના ચીફ ઈલેક્ટોરલ ઓફિસરને સોંપેલા મેમોરેન્ડમમાં માગણી કરી હતી કે વિધાનસભાવાર બ્રેકઅપ આપવામાં આવે અને તે પેન ડ્રાઈવ કે સીડીમાં લઈ શકાય તે પ્રકારનો હોવો જોઈએ. કોંગ્રેસે ચૂંટણી પંચને પડકાર ફેંક્યો છે કે SIR પહેલા મતદાર યાદીમાં "કેટલા વિદેશી નાગરિકો"ના નામ સામેલ હોવાનું જાણવા મળ્યું હતું અને શું તેમને 'ડ્રાફ્ટ મતદાર યાદી'માં છોડી દેવામાં આવ્યા છે તે જાહેર કરવું જોઈએ. રાજ્યની રાજધાની પટણમાં સૌથી વધુ ૫૦ લાખથી વધુ મતદારો નોંધવામાં આવ્યા હતા. અહીં ૪૬ લાખથી વધુ મતદાતાઓને દૂર પણ કરાયા છે. જે રાજ્યમાં સૌથી વધુ છે. એસઆઈઆર શરૂ કરાયું તે અગાઉ રાજ્યમાં નોંધાયેલા મતદાતાઓની સંખ્યા ૭.૯ કરોડ હતી. વિપક્ષનો આક્ષેપ છે કે એનડીએને સત્તા પર ટકાવી રાખવા એસઆઈઆરની કવાયત હાથ ધરાઈ હતી.

# ભારતને મળી ગુપ્ત માહિતીઃ પાકિસ્તાન-બાંગ્લાદેશ વચ્ચે થયા ગુપ્ત વાયુ રક્ષા કરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પાકિસ્તાન અને બાંગ્લાદેશની વાયુ સેનાઓ વચ્ચે એક ગુપ્ત વાયુ રક્ષા કરાર થયો છે. ૧૫ થી ૧૯ એપ્રિલ સુધી બંને દેશોની વાયુસેનાઓએ એક ઉચ્ચસ્તરીય ગુપ્ત બેઠક કરી હતી. જેમાં કથિત રીતે કેટલાક મુદ્દાઓ પર સૈન્ય વિચાર વિમર્શ થયો છે.

ભારતીય ગુપ્તચર એજન્સીઓએ આ બેઠક અને તેમાં થયેલી વાતચીતની માહિતી ઈન્ટરસેપ્ટ કરી છે. આ ઘટનાક્રમ પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે ઝડપથી વિકસી રહેલી સૈન્ય ભાગીદારી તરફ ઈશારો કરે છે.

એપ્રિલમાં પાકિસ્તાની વાયુસેના પ્રમુખે બાંગ્લાદેશનો પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન બંધબારણે થયેલી વાતચીતની માહિતી ભારતીય એજન્સીઓને મળી છે. પહેલા આ બેઠક રક્ષા કરારથી જોડાયેલી લાગતી હતી, પરંતુ તેમાં ડ્રોન યુદ્ધ, વ્યૂહાત્મક સંદેશાવ્યવહાર, અંતરિક્ષ અભિયાનો અને સાયબર વોર જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. લીક થયેલી વાતચીતમાં જાણવા મળ્યું છે કે આ દરમિયાન મોડ્યુલર અને માનવરહિત મિશન ટ્રેનર્સ (MUMT-UMT) પર પણ ચર્ચા કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, પાકિસ્તાને ચીનની મદદથી પોતાની ડ્રોન ક્ષમતાઓને વધારવાની માહિતી બાંગ્લાદેશને આપી છે. બંને દેશ ટેક્ટિકલ એર ડેટા લિંક સિસ્ટમને સંકલિત કરવાના પણ પ્રયાસ કરી રહ્યા છે. આ એવી એક્રિપ્ટેડ કમ્યુનિકેશન ચેનલ છે, જેનો ઉપયોગ જમીનથી હવા અને હવાથી હવામાં સંચાલન માટે કરવામાં આવે છે. કેટલાક દસ્તાવેજ બંને દેશોમાં અંતરિક્ષ સહયોગ તરફ ઈશારો કરી રહ્યા છે, જેમાં ઉપગ્રહ-આધારિત ISR ક્ષમતાઓનો ઉલ્લેખ છે. બેઠક દરમિયાન રાજનીતિક પરિસ્થિતિ પર પણ ચર્ચા થઈ છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, બેઠકમાં બાંગ્લાદેશના મોહમ્મદ શહાબુદ્દીનને સંભવિત રીતે હટાવવા અંગે પણ ચર્ચા થઈ છે. ઢાકા ખાતે પાકિસ્તાનના રક્ષા અતાશે વિંગે ISIથી જોડાયેલા સેવાનિવૃત્ત લોકો સાથે મળીને તખ્તાપલટની કહાનીને હવા આપી છે, જેનો ઉદ્દેશ્ય શહાબુદ્દીનની જગ્યાએ કોઈ બીજા સૈન્ય સમર્થક વ્યક્તિને બેસાડવાનો છે. ટેક્ટિકલ એર ડેટા લિંક સિસ્ટમથી બાંગ્લાદેશી વાયુસેનાની વિદેશી સેનાઓ સાથે સંચારની ક્ષમતા વધી શકે છે, જે ભારતની વાયુ સેના માટે એક ચિંતાનો વિષય છે. ભારત માટે ચિંતાની એક વાત એ પણ છે કે બાંગ્લાદેશની વિશિષ્ઠ ૧ પૈરા કમાન્ડો બટાલિયનને અમેરિકા પાસેથી મળેલા હથિયાર આપવામાં આવી રહ્યા છે. આ હથિયાર ચૂપચાપ વિશિષ્ઠ એકમ પ્રશિક્ષણ અને સંભવિત બોર્ડર પાર ક્ષમતા વૃદ્ધિ માટે મોકલવામાં આવી રહ્યા છે.




# તંત્રી લેખ......

## ઓગસ્ટમાં સામાન્ય વરસાદની આગાહી

હવામાન વિભાગની આગાહી મુજબ દેશભરમાં ઓગસ્ટમાં સામાન્ય વરસાદ રહેશે. ગુજરાતની વાત કરીએ તો ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત,મધ્ય પ્રદેશ, પૂર્વ ગુજરાતમાં સરેરાશ કરતા ઓછો વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત ઓગસ્ટમાં કચ્છના કેટલાક વિસ્તારમાં સરેરાશ કરતા વધુ વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્રની વાત કરીએ તો સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા, સુરેન્દનગર, બોટાદ, ભાવનગર, અમરેલીસરેરાશથી વધુ વરસાદ થઈ શકે છે. જામનગર, રાજકોટ,મોરબી, જૂનાગઢમાં સરેરાશથી ઓછો વરસાદ વરસી શકે છે. ઓગસ્ટમાં હવામાન વિભાગે સામાન્ય વરસાદનું પૂર્વાનુમાન વ્યક્ત કર્યું છે. ટૂંકમાં ગુજરાતના કેટલાક જિલ્લામાં સરેરાશથી વધુ તો કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાનું અનુમાન છે. હાલના હવામાનના મોડલને જોતા કહી શકાય કે, ગુજરાતમાં ઓગસ્ટમાં ભારેથી અતિભારે વરસાદના કોઈ એંધાણ નથી. હવામાન વિભાગે ઓગસ્ટના અંતિમ ૨ સપ્તાહ સાર્વત્રિક સામાન્ય વરસાદની આગાહી કરી છે.

દેશમાં ચોમાસાનો એક ભાગ પસાર થઈ ગયો છે. હવે ભારતીય હવામાન વિભાગે ચોમાસા વિશે નવી આગાહી કરી છે. **IMD** કહે છે કે ગુજરાત સિવાય બિહાર, કેરળ અને ઉત્તરપૂર્વ ભારત જેવા કેટલાક પ્રાદેશિક અપવાદોને બાદ કરતાં, ચોમાસાની ઋતુના બીજા ભાગમાં (ઓગસ્ટ-સપ્ટેમ્બર) દેશભરમાં સામાન્યથી વધુ વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર, ઓગસ્ટમાં વરસાદ સામાન્ય રહેવાની ધારણા છે, જ્યારે સપ્ટેમ્બરમાં સામાન્યથી વધુ રહેવાની શક્યતા છે. આનાથી કુલ વરસાદ લાંબા ગાળાના સરેરાશ **(LPA)** કરતા ૬% વધુ થશે. જૂન-જુલાઈમાં ચોમાસું સામાન્ય કરતા ૬.૫% વધુ હતું.

જોકે, **IMD**ના વડા મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, ઓગસ્ટ-સપ્ટેમ્બર દરમિયાન પૂર્વોત્તર અને નજીકના પૂર્વ ભારતના ઘણા ભાગો, મધ્ય ભારતના કેટલાક અલગ અલગ વિસ્તારો અને દ્વીપકલ્પીય ભારતના દક્ષિણપશ્ચિમ ભાગોમાં સામાન્યથી ઓછો વરસાદ પડી શકે છે.ચોમાસાના પહેલા ભાગમાં (જૂન-જુલાઈ) ભારતમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડ્યો હતો. મધ્ય ભારતમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો, જે સામાન્ય કરતાં લગભગ ૨૩% વધુ હતો, ત્યારબાદ ઉત્તરપશ્ચિમ ભારતમાં સામાન્ય કરતાં ૨૧% વધુ હતો. બીજી તરફ, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં ચોમાસાના પહેલા બે મહિનામાં ૨૨% ઓછો વરસાદ નોંધાયો હતો, જે ૧૯૦૧ પછીનો સાતમો સૌથી ઓછો અને ૨૦૦૧ પછીનો ચોથો સૌથી ઓછો વરસાદ હતો. દક્ષિણ દ્વીપકલ્પમાં પણ આ સમયગાળા દરમિયાન ૨% ની ખાધ નોંધાઈ હતી.

# વિક્લી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૯૦૩ અને ચાંદીના વાયદામાં રૂ.૫,૧૬૧નો સાપ્તાહિક ધોરણે કડાકો: ક્રૂડ તેલમાં રૂ.૩૮૦નો ઉછાળો

**સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૨૭૮૪.૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૮૯૭૮૭.૯૬ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૫૦૧૭.૫૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૨૮૮૫ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૫થી ૩૧ જુલાઈ સુધીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૦૭૨૫૯૧.૯૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૨૭૮૪.૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૮૯૭૮૭.૯૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૨૮૮૫ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૨૦૪૭.૯૩ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૫૦૧૭.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૫૦૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૯૮૪૦ અને નીચામાં રૂ.૯૮૦૭૯ના મથાળે અથડાઈ, રૂ.૯૯૬૭૨ના આગલા બંધ સામે રૂ.૯૦૩ ઘટી રૂ.૯૮૭૬૯ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૫૧ ઘટી રૂ.૭૯૨૦૮ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૬ ઘટી રૂ.૯૯૨૯ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૪૪ ઘટી રૂ.૯૮૩૫૮ થયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૩૪૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૯૪૪૫ અને નીચામાં રૂ.૯૭૯૭૦ના મથાળે અથડાઈ, રૂ.૯૯૩૫૦ના આગલા બંધ સામે રૂ.૭૫૪ ઘટી રૂ.૯૮૫૯૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૫૪૬૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૫૭૦૦ અને નીચામાં રૂ.૧૦૯૦૮૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૫૧૩૩ના આગલા બંધ સામે રૂ.૫૧૬૧ ઘટી રૂ.૧૦૯૯૭૨ના ભાવે બંધ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪૯૮૩ ઘટી રૂ.૧૦૯૮૮૭ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૪૯૯૯ ઘટી રૂ.૧૦૯૮૮૨ના સ્તરે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૯૪૭૧.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૨૪.૧૫ ઘટી રૂ.૮૭૬.૧૫ના સ્તરે બંધ થયો હતો. જસત ઓગસ્ટ વાયદો રૂ.૨.૮ ઘટી રૂ.૨૬૫.૫૫ થયો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો રૂ.૪.૯૫ ઘટી રૂ.૨૫૦.૪૫ના ભાવે બંધ થયો હતો. સીસું ઓગસ્ટ વાયદો રૂ.૨.૨ ઘટી રૂ.૧૭૯.૫ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૨૦૦૭.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૮૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૪૮૯ અને નીચામાં રૂ.૪૪૭૧ના સ્તરને સ્પર્શી, રૂ.૩ વધી રૂ.૪૪૮૬ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૭૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧૮૪ અને નીચામાં રૂ.૫૬૪૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૭૨ના આગલા બંધ સામે રૂ.૩૮૦ વધી રૂ.૬૦૫૨ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૭૮ વધી રૂ.૬૦૫૩ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૨૭૧.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૨૭૧.૮ના સ્તરે બંધ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૦૭ના ભાવે ખૂલી, રૂ.૧૯ વધી રૂ.૯૨૬ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૬૪૯.૦૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૯૩૬૮.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૫૪૮૩.૩૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૯૭.૨૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૬.૧૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૪૪.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૬.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૨૧૦.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૭૭૦.૬૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩૦.૨૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૨૨૭૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૭૦૪૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૬૪૫૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૦૬૬૩૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૮૩૪૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૩૬૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૧૧૭૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૮૫૧૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૮૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૯૬૮૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૫૬૮૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૨૬૫ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૩૩૦૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૮૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૨૦ પોઈન્ટ ઘટી ૨૨૮૮૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

**વર્ષ ૨૦૧૯થી SOTTOના નિર્માણ બાદ ગુજરાત અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટની પ્રવૃત્તિને વેગ મળ્યો**

# અંગદાન ક્ષેત્રે સદાય અગ્રેસર ગુજરાતની ગૌરવપૂર્ણ સિદ્ધિઓ

**છેલ્લાં સાત વર્ષમાં ગુજરાતમાં ૬૫૭ અંગદાતાઓ તરફથી કુલ મળીને ૨૦૩૯ અંગોના દાન પ્રાપ્ત થયા**

ગુજરાત મહાન દાનવીર ભામાશાનો પ્રદેશ છે. દાનનો આ પ્રાચીન વારસો આધુનિક યુગમાં આધુનિક સ્વરૂપે પણ જળવાઈ રહ્યો છે. દાનની આ સંસ્કૃતિને કારણે જ અંગદાન બાબતે પણ ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે. ગુજરાતે અંગદાન ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિઓ હાંસલ થઈ છે.

તાજેતરમાં બીજી ઑગસ્ટના રોજ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે.પી. નડ્ડાના હસ્તે ગુજરાતને અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ત્રણ- ત્રણ એવોર્ડ્સ એનાયત થયા.

ગુજરાત સરકારને 'એક્સલન્સ ઈન પ્રમોશન ઓફ ઓર્ગન ડોનેશન', ન્યૂ સુરત સિવિલ હોસ્પિટલને 'બેસ્ટ નોન ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગન રિટ્રાઈવલ સેન્ટર' તથા અમદાવાદમાં સિવિલ મેડિસિટી ખાતે કાર્યરત કિડની ઈન્સ્ટિટ્યૂટને 'ટ્રાન્સપ્લાન્ટ કરતી દેશની સવર્શ્રેષ્ઠ હોસ્પિટલ' કેટેગરીમાં એવોર્ડ પ્રાપ્ત થયો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં રાજ્યનો આરોગ્ય વિભાગ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરી રહ્યો છે.

ગુજરાતમાં અંગદાનની ઝુંબેશ હવે આંદોલનનું સ્વરૂપ હાંસલ કરી ચૂકી છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગની સાથે સાથે રાજ્યની સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓ પણ અંગદાન બાબતે જનજાગૃતિ માટે સતત સહયોગ કરી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ માં **SOTTO** (સ્ટેટ ઓર્ગન એન્ડ ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન)ના નિર્માણથી અંગદાન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે વિશેષ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા.

જેને કારણે છેલ્લાં સાત વર્ષમાં ગુજરાતમાં ૬૫૭ અંગદાતાઓ તરફથી કુલ મળીને ૨૦૩૯ અંગોના દાન પ્રાપ્ત થયાં છે.

લોકોમાં અંગદાન બાબતે સતત જાગૃતિ વધતી જાય છે, એટલે અંગદાન કરનારા પરિવારોની સંખ્યા સતત વધી રહી છે.

રાજ્યભરમાં થયેલા અંગદાનની વાત કરીએ તો ૬૫૭ અંગદાતાઓ તરફથી કુલ મળીને ૨૦૩૯ અંગો પ્રાપ્ત થયા છે, જેનું સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવ્યું છે.

અંગદાનથી અત્યાર સુધીમાં એટલે કે ૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં ૧૧૩૦ કિડની, ૫૬૬ લીવર, ૧૪૭ હૃદય, ૧૩૬ ફેફસાં, ૩૧ હાથ, ૧૯ પેક્રિયાઝ અને ૧૦ નાનાં આંતરડાં મળ્યાં છે, જેના પરિણામે હજારો લોકોને નવજીવન પ્રાપ્ત થઈ શક્યું છે

રાજ્ય સરકારના સતત પ્રોત્સાહન, સરકારી હોસ્પિટલ્સમાં ઉપલબ્ધ અત્યાધુનિક સુવિધાઓ અને લોકસહયોગના સમન્વયથી છેલ્લાં સાત વર્ષમાં અંગદાનના અનેક શિખરો સર કરી શકાયાં છે.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે ગુજરાતની સિદ્ધિઓની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, અંગદાન માટે માત્ર જાગૃતિ જ નહિ, પરિણામદાયી પ્રતિબદ્ધતા ઊભી કરવા માટેની તબીબોની અથાગ મહેનત, મીડિયાનો સહયોગ અને સેવાકીય સંસ્થાઓના જનજાગૃતિના પ્રયાસોને પરિણામે આજે અંગદાનની પહેલ એક જનઆંદોલન બની છે. આ જનઆંદોલન છે, જીવથી જીવ બચાવવાનું. રાજ્યમાં જીવિત વ્યક્તિને કોઈ જરૂરિયાતમંદને અંગ આપવું ન પડે, રાજ્યમાં અંગોના પ્રત્યારોપણ માટે પ્રતીક્ષાનો સમયગાળો ઘટે તે પ્રકારના પ્રયાસ સરકાર, સમાજ અને સેવાભાવી સંસ્થાઓએ હાથ ધર્યા છે. અંગદાન ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ દરેક ગુજરાતીને ગૌરવનો અનુભવ કરાવે છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આલેખન: દિવ્યેશ વ્યાસ

# જામનગરમાં ચોરાઉ સ્કૂટર સાથે બે આરોપીઓ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા) જામનગર

જામનગરમાં ત્રણેક દિવસ પહેલા એક સ્કૂટરની ચોરી થવા પામી હતી.

આ સ્કૂટર ચોરીનો ભેદ પોલીસે ઉકેલી નાખીને બે આરોપીને ઝડપી પાડ્યા છે. અને ચોરાઉ સ્કૂટર કબજે કર્યું છે.

જામનગર સીટી એ ડીવી. પો.સ્ટે. વિસ્તારમાં સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્ટાફને અંગત બાતમીદારોથી હકિકત મળેલ હોય કે બે ઈસમો ચોરાઉ સફેદ કલરનું એક્સેસ મોટર સાયકલ સાથે ઉભેલા છે.

તે હકીકત આધારે પોલીસ સ્ટાફે દરોડો પાડીને આરોપી રેહાન હારૂનભાઈ બ્લોચ (ઉવ.૧૯ ધંધો, રહે. હાલ મોરકંડા રોડ રબાની પાર્ક ઢાળીયો ચડતા મસ્જીદ પાસેની ગલીમાં જામનગર મુળ રહે. મીઠાપુર ઉધ્યોગ હુશેનીચોક જી.દેવભુમી દ્વારકા) તથા એક કાયદાથી સંઘર્ષિત કિશોરને ચોરાવ સુઝુકી કંપનીનું એક્સેસ સ્કૂટર રજી. નંબર જી.જે.૧૦ ઈએ ૪૪૪૯ સાથે ઝડપી લીધા છે અને ચોરાવ વાહન કબ્જે કરી વાહન ચોરીનો વણ શોધાયેલ ગુનો શોધી કાઢી આરોપીની અટક કરવામાં આવી છે.

**સમગ્ર મામલાની તપાસ પોલીસ કરી રહી છે**

# લોનનો હપ્તો ચૂકવી શક્યો નહીં, તો બેન્કવાળા પત્નીને જ ઉપાડી ગયા

**પોલીસ ફરિયાદ બાદ બંધક બનેલી પત્નીને મુક્ત કરાઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)ઝાંસી

ઉત્તર પ્રદેશના ઝાંસીમાં ખાનગી બેંકના કર્મચારીઓએ લોનના હપ્તા ચૂકવી ન શકવાને કારણે પુરુષ સાથે અકલ્પનીય વર્તન કર્યું. એવો આરોપ છે કે બેંક કર્મચારીઓએ પુરુષની પત્નીને બંધક બનાવી રાખી હતી અને કહ્યું હતું કે જ્યારે તે બાકી હપ્તા ચૂકવી દેશે ત્યારે જ તે તેની પત્ની પાછી મેળવશે.

પીડિતનો દાવો છે કે ખાનગી બેંકના કર્મચારીઓએ તેની પત્નીને હપ્તા ચૂકવવામાં અસમર્થ હોવાને કારણે બંધક બનાવી હતી. કર્મચારીઓએ તેને કહ્યું કે બાકી હપ્તા ચૂકવી દો અને પછી તે તેની પત્નીને પાછી મેળવી લેશે. કોઈક રીતે પીડિતાએ પોલીસમાં આ અંગે ફરિયાદ કરી, ત્યારબાદ બંધક બનેલી પત્નીને મુક્ત કરવામાં આવી. હવે પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

તમને જણાવી દઈએ કે પૂંછ પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી રવિન્દ્ર વર્માએ મોંઠ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી છે. જેમાં તેણે જણાવ્યું હતું કે બમરૌલી ગામની આઝાદ નગર વિસ્તારમાં એક ખાનગી લોન આપતી બેંકની શાખા છે. જ્યાંથી લોન લીધી હતી અને તેના કેટલાક હપ્તા બાકી હતા.

ગયા સોમવારે રવિન્દ્ર તેની પત્ની પૂજા વર્મા સાથે બેંક ગયો હતો.

રવિન્દ્રનો આરોપ છે કે તેને અને તેની પત્નીને બળજબરીથી બેંકની અંદર બેસાડવામાં આવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું કે બાકી લોનની રકમ જમા ન થાય ત્યાં સુધી તેની પત્નીને છોડવામાં આવશે નહીં. બેંક કર્મચારીઓએ તેને ઘરે જઈને પૈસા લાવવા કહ્યું અને પછી તેની પત્નીને અહીંથી લઈ ગયા.

પીડિતાના જણાવ્યા મુજબ તેણે બેંક કર્મચારીઓને વિનંતી કરી અને કહ્યું કે તે પૈસાની વ્યવસ્થા કરવામાં અસમર્થ છે પરંતુ કર્મચારીઓએ તેની વાત સાંભળી નહીં અને પૈસા માટે દબાણ કરતા રહ્યા. અંતે થાકીને અને કંટાળીને તેણે ડાયલ ૧૧૨ પર માહિતી આપી.

# '૧૦૮ ઈમરજન્સી સેવા': રાજ્યના નાગરિકો માટે સુરક્ષા કવચ

ગુજરાતમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતી '૧૦૮ ઈમરજન્સી સેવા'ની સમગ્ર ટીમ રાજ્યના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ રહી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં રાજ્યમાં સૌ પ્રથમવાર શરૂ કરાયેલી અનન્ય આરોગ્યલક્ષી '૧૦૮ ઈમરજન્સી સેવા' આજે અન્ય રાજ્યો માટે પથદર્શક અને આદર્શ મોડલ પૂરવાર થઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યના દરેક શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે '૧૦૮ ઈમરજન્સી સેવા' ૨૪૮૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે, જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે. રાજ્યમાં આરોગ્ય સેવા ક્ષેત્રે '૧૦૮ ઈમરજન્સી સેવા' શરૂ થઈ ત્યારથી જૂન–૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૭૯ કરોડથી વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કરીને દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૮ દ્વારા ૫૮.૩૮ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી તેમજ ૨૧.૭૭ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન-મરણનો સવાલ હોય તેવી આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૭ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યો છે. તદુપરાંત એમ્બ્યુલન્સમાં ૯૪,૫૦૩ જેટલી સગર્ભા મહિલાઓને તેમજ જે તે સ્થળ ઉપર ૫૭,૫૭૫ એમ કુલ ૧.૫૨ લાખથી વધુ સગર્ભા મહિલાઓની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

રાજ્યમાં '૧૦૮ ઈમરજન્સી સેવા' ઉપરાંત અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧.૨૭ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે તેવી જ રીતે વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંતર્ગત ૧૬.૪૧ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૨૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં કુલ ૫૧.૫૭ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. વર્ષ -૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૬ જેટલા નાગરિકોનો આપાતકાલીન સેવાઓ આપવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે.

રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ-૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત ૧.૫૦ કરોડથી વધુ ઈમરજન્સી કોલ જેમાં પોલીસ, ફાયર, મેડીકલ અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે તેમ ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસની અખબારી યાદીમાં જણાવ્યું છે. - પ્રિન્સ ચાવલા

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

**ઓગસ્ટ મહિનામાં એક સાથે અનેક બદલાવ : ઓગસ્ટના પહેલા અઠવાડીયે ભાજપને મળશે નવા પ્રદેશ પ્રમુખ બાદ તુરતજ મંત્રી મંડળ વિસ્તરણ થવાની શકયતા**

# પ્રદેશ પ્રમુખની રેસ માં જગદીશ વિશ્વકર્મા, બાલ મુકુંદ શુકલ : આગામી એક અઠવાડીયામાં પ્રદેશ પ્રમુખનુ નામ ફાઈનલ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ઘણા સમયથી વિલંબમાં પડેલી ગુજરાત ભાજપના નવા અધ્યક્ષની નિયુકિત હવે આગામી એક અઠવાડીયામાં થઈ જાય તેવી શકયતા દેખાય છે. ગઈ કાલે શુક્રવારે બપોર બાદ નવી દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે પી નડ્ડા, સંગઠન રાષ્ટ્રીય મહામંત્રી બી એલ સંતોષ અને કેન્દ્રીય મંત્રી તથા ગુજરાત ભાજપના અધ્યક્ષની ચુંટણી માટે નિરીક્ષક તરીકે નિમાયેલા ભુપેન્દ્ર યાદવ વચ્ચે બેઠક મળી હતી. જેમાં પ્રમુખની નિમણુંક પ્રક્રિયા જલ્દી પુરી કરવાનો નિર્ણય થયો છે. આ જોતા આગામી શુક્રવાર સુધીમાં નવા પ્રદેશ પ્રમુખ ગુજરાતને મળી શકે છે.

તો બીજી તરફ હાલમાં એવુ લાગી રહ્યુ છે કે મંત્રી જગદીશ વિશ્વકર્મા અને વડોદરાના ધારાસભ્ય બાલમુકુંદ શુકલ પ્રમુખ બનવાની રેસમાં આગળ છે. તો બીજી તરફ ઉદય કાનગડ, મયંક નાયક ના નામો પણ પ્રદેશ પ્રમુખમાં ચર્ચાઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આજે શનિવારે બપોરબાદ ભુપેન્દ્ર પટેલ દિલ્હી પહોચી ગયા છે. ગુજરાત ભાજપના સુત્રો કહે છે કે આ ચુંટણી પ્રક્રિયા માત્ર ઔપચારીક જ રહેશે. આ માટે ગુજરાત ભાજપના નવા અધ્યક્ષ તરીકે હાઈકમાન્ડે જેનુ નામ નકકી કરી લીધુ છે તેમને એક ને જ નામાંકન ભરવા માટે આદેશ અપાશે એ સિવાય કોઈપણ વ્યકિત નામાંકન ભરવા તૈયાર નહી થાય, આમ એક જ નામ દાખલ થતા સર્વાનુમતે તે નેતાને ભાજપના અધ્યક્ષ તરીકે બિનહરીફ ચુંટી લેવાયા છે એવી જાહેરાત કરાશે. લગભગ આગામી શુક્રવાર સુધીમાં જ આ સંપૂર્ણ પ્રક્રિયા પુરી થઈ જાય એવી વકી છે.

**મોટાપાયે આઈપીએસ ની બદલી થવાની સંભાવના : ઓગસ્ટના અંતે ૧૦૦ થી વધુ પીઆઈની થશે જિલ્લા ફેરબદલી : જન્માષ્ટમી અગાઉ ૩૦ થી વધુ પીઆઈને ડીવાયએસપીને મળી શકે છે પ્રમોશન**

નવા પ્રમુખ માટે સૌરાષ્ટ્રમાંથી અથવા તો ઉત્તર ગુજરાતમાંથી કોઈ એક નામ પસંદ કરાય એવી સંભાવનાઓ જોવાઈ રહી છે. આ માટે ઓબીસી નેતા આવે એની શકયતા ઘણા સમયથી વ્યકત કરાઈ છે. દિલ્હીમાં નડ્ડા, સંતોષ અને યાદવની બેઠકમાં સત્વરે પ્રક્રિયા પુરી કરવાનો નિર્ણય લેવાયો છે. પ્રદેશ પ્રમુખની જાહેરાત બાદ તુરતજ મંત્રી મંડળનુ કામ હાથ પર લેવાશે. ઘણા સમયથી સંગઠનના પ્રમુખ ઉપરાંત સરકારમાં મંત્રી મંડળના વિસ્તરણની વાત પણ અટકી રહી છે. કેટલાક મંત્રીઓ પણ મંત્રીઓના કામો ન કરતા હવે મંત્રીઓ પણ મંત્રી મંડળ વિસ્તરણની રાહ જોઈ રહ્યા છે. જો કે સરકાર અને સંગઠન બંનેમાંથી મળતા સંકેતો પ્રમાણે પહેલા ગુજરાત ભાજપના નવા અધ્યક્ષની નિયુકિત થઈ જશે અને એ પછી જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પોતાના મંત્રી મંડળનુ વિસ્તરણ કરશે. કહેવાય છે કે આ મંત્રીમંડળ આગામી ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીઓને લઈ ૨૬ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવે તેવી શકયતાઓ છે. તો બીજી તરફ આ મંત્રી મંડળમાં પણ પાટીલ જુથનો સફાયો થાય તેવુ પણ સુત્રો કહી રહ્યા છે. મંત્રી મંડળના વિસ્તરણમાં પાર્ટીના નવા આવેલા પ્રમુખ મોટી ભુમિકા ભજવી શકે છે અને તેમના માનિતાઓને જ મંત્રી મંડળમાં સમાવેશ કરી શકે છે. જો કે આ કિસ્સામાં વિદાયમાં રહી રહેલા પ્રમુખ સીઆર પાટીલ જુથના ધારાસભ્યોને મંત્રીપદ મળે છે કે નહી એ જોવુ પણ રસપ્રદ રહેશે. જે હોય તે પરંતુ રાજયકક્ષામાંથી મોટા ભાગના મંત્રીઓનો સફાયો થાય તેવુ સુત્રો કહી રહ્યા છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# વડોદરા રેલવે સ્ટેશન પર યાત્રીઓ માટે નવી સૌગાત, માનનીય સાંસદ ડૉ. હેમાંગ જોશીએ કર્યું ઉદ્ઘાટન




વડોદરા રેલવે સ્ટેશન પર યાત્રીઓની સુવિધા વધારવા માટે એક નવી સુવિધાઓનું ઉદ્ઘાટન માનનીય સાંસદ ડૉ. હેમાંગ જોશીએ કર્યું. જેમાં મફત બેટરી સંચાલિત કાર્ટ સેવા અને મહિલા વેઈટિંગ રૂમ અને એસી વેઈટિંગ રૂમમાં સ્થિત બાળ સંભાળ કક્ષનું સૌંદર્ય કરણ શામેલ છે.

મફત 'સારથી' સેવાનો શુભારંભ

વડોદરા રેલવે સ્ટેશન પર 'સારથી' નામની એક નવી મફત ગતિશીલતા સહાય સેવા શરૂ કરવામાં આવી છે. આ સેવા હેઠળ, બેટરી સંચાલિત કાર્ટ વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ વ્યક્તિઓ, ગર્ભવતી મહિલાઓ અને બીમાર મુસાફરોને ૨૪/૭ મફત સહાય પૂરી પાડશે. આ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહલ ફાર્માસન અને રેલવે વચ્ચેનો સહયોગી પ્રયાસ છે, જે સાનિધ્ય ફાઉન્ડેશન દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો છે. પ્લેટફોર્મ નંબર ૧ પર ઉપલબ્ધ આ સેવા ફાર્માસન બેસિક ડ્રગ્સ પ્રાઈવેટ લિમિટેડની CSR શાખા, કે.કે. વિઠાણી ફાઉન્ડેશન દ્વારા પ્રાયોજિત કરવામાં આવી રહી છે.

મહિલા વેઈટિંગ રૂમ અને એસી વેઈટિંગ રૂમમાં સ્થિત બાળ સંભાળ કક્ષનું સૌંદર્યકારણ

વધુમાં, માનનીય સાંસદે મહિલા વેઈટિંગ રૂમ અને એસી વેઈટિંગ રૂમમાં સ્થિત બાળ સંભાળ કક્ષ ના સૌંદર્યકારણ નું પણ ઉદ્ઘાટન કર્યું. આ પહેલ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ - વડોદરા દ્વારા CSR હેઠળ હાથ ધરવામાં આવી છે, જેમાં બેબી કેર ટેબલ, સજાવટ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવી છે. આ પહેલનો હેતુ મહિલા યાત્રીઓ, ખાસ કરીને માતાઓને તેમના બાળકોની સંભાળ રાખવા માટે એક સ્વચ્છ અને સુવિધાજનક સ્થળ પૂરું પાડવાનો છે. આ પ્રસંગે વડોદરા રેલ મંડળના ડીઆરએમ શ્રી રાજુ ભડકે, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમાર, વરિષ્ઠ મંડળ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર શ્રી પ્રદીપ મીણા, વરિષ્ઠ મંડળ એન્જિનિયર (સમન્વય) શ્રી સુમિત ઠાકુર સહિત અન્ય રેલ અધિકારીઓ, કર્મચારીઓ, અને અન્ય ગણમાન્ય નાગરિકો તેમજ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ ગ્રામ્ય પોલીસે બાળ તસ્કરી ટોળકીના આંતરરાજય રેકેટનો કર્યો પર્દાફાશ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




અમદાવાદ ગ્રામ્ય પોલીસે બાળ તસ્કરી રેકેટનો ફર્દાફાશ કર્યો છે જેનુ નેતૃત્વ પોલીસ અધિકારીએ કર્યુ છે. આ કેસમાં ધોળકાથી ૭ મહિનાની બાળકીનુ અપહરણ થયુ હતું. જે બાદ પોલીસની ઝીણવટભરી તપાસ અને ઝડપી કાર્યવાહીથી આ ગેંગનો ભાંડો ફુટયો હતો. આ ઓપરેશનમાં પોલીસે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરથી ૪ આરોપીઓની ધરપકડ કરી અને બાળકીને સુરક્ષિત રીતે તેના પરીવાર સાથે મીલન કરાવ્યુ હતું. ધોળકામાં એક ગરીબ મજુર પરીવાર પોતાની ૭ મહિનાની બાળકી સાથે રહે છે. એક રાત્રે બાળકી અચાનક ગુમ થઈ હતી, માતા પિતાએ ઘણી શોધખોળ કરી પરંતુ શોધખોળ કરવાને અંતે બાળકી ન મળી આવતા પોલીસ ફરીયાદ નોંધાવી હતી. જેથી ગ્રામ્ય પોલીસે આસપાસના સીસીટીવી ફુટેજ અને સ્થાનિક લોકોની પુછપરછના આધારે તપાસ શરૂ કરી હતી. આ તપાસે એક ચોંકાવનારૂ સત્ય બહાર લાવ્યુ કે આ માત્ર અપહરણનો કેસ નથી. પરંતુ એક વ્યવસ્થિત આંતરરાજય બાળ તસ્કરી રેકેટનો ભાગ છે. પોલીસે શંકાસ્પદ ગતિવિધીઓનો પીછો કર્યો અને જાણવા મળ્યુ કે બાળકીને ઔરંગાબાદ લઈ જવામાં આવી છે. તેમણે તાત્કાલીક ટીમ ગોઠવી અને મહારાષ્ટ્ર પોલીસની મદદથી ૪ આરોપીઓ જેમાં જયેશ રાઠોડ, વિમલ સોલંકી, મનિષા સોલંકી(ધોળકાની આઈવીએફ સેન્ટરની નર્સ) અને જગપ્રતાપ (નાસિકનો રહેવાસી ) ને ઝડપી લેવામાં આવ્યો હતો. આ ગેંગની મુખ્ય સુત્રધાર મનિષા સોલંકી હોવાનુ બહાર આવ્યુ હતું. જે આઈવીએફ સેન્ટરમાં કામ કરીને આ ગુન્હાહીત નેટવર્કને સપોર્ટ કરતી હતી. તપાસમાં જાણવા મળ્યુ કે આ ગેંગ ગરીબ પરીવારોના બાળકોને નિશાન બનાવી તેમનુ અપહરણ કરી મહારાષ્ટ્રમાં વેચતી હતી. ઔરંગાબાદની એક નર્સે આ બાળકીને ખરીદી હોવાનુ પણ બહાર આવ્યુ હતું. પોલીસે આ ગેંગની કડીઓ શોધીને અન્ય સંભવિત ગુન્હાઓની તપાસ શરૂ કરી છે, કારણ કે શંકા છે કે આ ગેંગે અગાઉ પણ આવા કૃત્યો આચર્યા હશે, પોલીસે ઝડપી કાર્યવાહી કરી બાળકીને આરોપીઓના કબ્જામાંથી મુકત કરી અને તેના પરીવારને સોંપી હતી.

આ ઘટનાએ પરીવારમાં ખુશીનુ મોજુ ફેલાવ્યુ, આ સાથે જ આઈવીએફ સેન્ટરોની કામગીરી અને ત્યાં કામ કરતા લોકોની ભુમિકા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. હવે આ ગેંગના અન્ય ગુન્હાઓની પોલીસ તપાસ કરી રહી છે. પોલીસને શંકા છે કે આ રેકેટે અન્ય બાળકોનુ પણ અપહરણ કરીને વેચાણ કર્યુ હશે, આ ઓપરેશન અમદાવાદ ગ્રામ્ય પોલીસના કુશળતાનુ ઉદાહરણ છે. જેમને સમાજના સૌથી નબળાવર્ગ ને ન્યાય અપાવવા માટે અથાક પ્રયાસો કર્યા.

# પ્રાથમિક શાળાઓમાં જુનીયર કેજી અને સીનીયર કેજી તેમજ બાલવાટીકામાં પ્રવેશ માટેની વયમર્યાદાઓ હળવી કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત સરકારે પૂર્વ પ્રાથમિક (પ્રિ-પ્રાઈમરી) શાળાઓ માટેના નિયમોમાં કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે જેનાથી શાળાઓના સંચાલકો અને વાલીઓને મોટી રાહત મળી છે. આ નવા નિયમો ખાસ કરીને પ્રવેશ માટેની વયમર્યાદા સંબંધીત છે. જે અગાઉના કડક નિયમો સામે સંચાલકોના વિરોધ બાદ નિયમો હળવા કરવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલા નવા નિયમો મુજબ હવે બાળકોને જુનીયર કેજી, સીનીયર કેજી અને બાલવાટીકામાં પ્રવેશ માટેની વયમર્યાદામાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં જુનીયર કેજી માં જે બાળકોએ ૪ વરસ પુરા ન કર્યા હોય તેમને પણ જુનીયર કેજી માં પ્રવેશ આપી શકાશે. તો બીજી તરફ સીનીયર કેજીમાં જે બાળકોની ઉંમર ૪ વરસથી વધુ હોય તેઓને પણ સીનીયર કેજીમાં પ્રવેશ મળી શકશે, તો બીજી તરફ બાલવાટીકામાં જે બાળકો ૫ વરસથી વધુ ઉંમરના હોય તેઓને પણ બાલવાટીકામાં પ્રવેશ મળી શકશે.

આ ફેરફારોથી વાલીઓ અને સંચાલકોને મોટી રાહત મળી શકે છે. કારણ કે અગાઉની કડક વયમર્યાદાને કારણે ઘણા બાળકો પ્રવેશથી વંચિત રહી જતા હતા. આ નવા નિયમો હેઠળ તમામ પૂર્વ પ્રાથમિક, બિન અનુદાનિત સંસ્થાઓ માટે રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત બનાવવામાં આવ્યુ છે. આ પગલાનો હેતુ આવી શાળાઓની કાર્યપધ્ધતિ પર દેખરેખ રાખવાનો અને શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવાનો છે. આ નિયમ થી પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં પારદર્શિતા આવશે અને બાળકોને વધુ સારૂ વાતાવરણ મળી રહેશે. અગાઉ કડક નિયમો અને વયમર્યાદાની જોગવાઈઓ સામે શાળાઓના સંચાલકોએ વિરોધ નોધાવ્યો હતો.આ વિરોધને ધ્યાનમાં લઈ સરકારે આ નિયમોમાં ફેરફાર કરીને વાલીઓ અને શાળાઓ બંનેને સંતોષ થાય તેવો માર્ગ અપનાવ્યો છે.

# સોમવારે ગાંધીનગરમાં આંગણવાડી બહેનો પ્રશ્નોને લઈ સત્યાગ્રહ છાવણી ખાતે રેલી અને જાહેરસભા સાથે નારી શકિત પોતાનો પરચો બતાડશે

પ્રતિનિધિ,ગાંધીનગર



ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘે ભારતીય મજદુર સંઘ સાથે એફીલેટેડ સંગઠન છે અને રાષ્ટ્રીય વિચારધારા સાથે કામ કરતુ સંગઠન છે. આંગણવાડી બહેનો તથા તેડાગર બહેનોના મહત્વના પ્રશ્નોમાં આંગણવાડી બહેનોને બીએલઓની કામગીરીમાંથી મુકિત આપવી, ગુજરાત વડી અદાલતના ચુકાદાન અમલીકરણ કરવુ, ઉંમરના બાધ વિના આંગણવાડી ની બહેનોને બઢતી આપવી, વર્કર હેલ્પરની ખાલી જગ્યાઓ તાત્કાલીક ભરવી, એફઆરએસ માં પડતી તમામ મુશ્કેલીઓ દુર કરવી, સ્માર્ટ મોબાઈલ તાત્કાલીક પુરા પાડવા સહિતના પ્રશ્ને વારંવાર મહિલા બાળ કલ્યાણ વિભાગના મંત્રી તથા રાજય સરકારના જવાબદાર અધિકારીઓ સમક્ષ રજુઆત કરેલ અને પ્રશ્નોનો નિકાલ માટે આશ્વાસન પણ સંબંધીત દ્વારા આપવામાં આવ્યુ હતું.

તા.૧૨ અને ૧૩ જુલાઈ ૨૦૨૫ ના રોજ ભારતીય મજદુર સંઘ ગુજરાત પ્રદેશની કાર્ય સમિતિમાં આંગણવાડી કર્મચારી મહાસંઘના આગેવાનો દ્વારા આ બાબતે ચિંતન અને મનન કરી આંગણવાડી બહેનોના પ્રશ્નો માટે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આવતી કાલે તા. ૪ ના રોજ સોંમવારે બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી રેલી અને જાહેરસભા કરી નારી શકિત પરચો દેખાડવા નિર્ણય થયેલ હોય જેમાં આંગણવાડી બહેનો આ રેલી અને સભાના કાર્યક્રમ સફળ બનાવવા જહેમત કરી હોવાનુ કર્મચારી સંઘના મંત્રી કંચનબેન ચાવડાએ જણાવ્યુ છે.

# મહિલા સભ્યના ખોટા સહી સિક્કા કરી આધાર કાર્ડ અપલોડ કરતો દુકાનદાર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા) વડોદરા

વડોદરા કોર્પોરેશનની સ્થાયી સમિતિના સભ્યના હોદ્દા અને સિક્કાનો દુરુપયોગ કરી આધાર કાર્ડ અપલોડ કરનાર દુકાનદારની સિટિ પોલીસે ધરપકડ કરી છે.

ફતેપુરામાં રહેતા અને કોર્પોરેશનની સ્થાયી સમિતિના સભ્ય હેમીષાબેન જયેશભાઈ ઠક્કરે સિટિ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૩૦મી તારીખે અમારા પક્ષના કાર્યકર્તાએ મને ફોન કરીને જણાવ્યું હતું કે, તમારા નામ અને હોદ્દાના સ્ટેમ્પનો દુરુપયોગ થાય છે. જૂની આર.ટી.ઓ. કચેરી પાસે આવેલી દિયાનીતિ વેબ સોલ્યુશન નામની દુકાન પર હું ગયો હતો. ત્યારે દુકાન પર એક વ્યક્તિ કોમ્પ્યુટર પર ઓનલાઈન ડોક્યુમેન્ટ કાઢવાનું તથા સુધારો કરવાનું કામ કરતો હતો. તેણે પોતાનું નામ પરેશભાઈ જણાવ્યું હતું. મેં તેને આધારા કાર્ડમાં સરનામુ બદલી આપવાનું કહી મારી પાસે કોઈ આધાર પુરાવો નહી હોવાનું જણાવ્યું હતું. તેણે મને ૯૫૦ રૂપિયા થશે તેવું કહ્યું હતું. કાર્યકર્તા હાર્દિકભાઈને વધુ તપાસ કરવાનું કહેતા એવું જાણવા મળ્યું હતું કે, કોઈ વ્યક્તિ પાસે કોઈ નાગરિક આધાર પુરાવા વગર આધાર કાર્ડમાં ફેરફાર કરાવવા આવે ત્યારે દુકાનદાર પરેશભાઈ મારા નામ અને હોદ્દાના સિક્કાનો ઓનલાઈન દુરુપયોગ કરે છે. તેણે (૧) નિશાબેન મનિષભાઈ રાયચંદાણી (૨) જયાબેન ઠાકુરભાઈ કર્રા (બંને રહે. એસ.કે. કોલોની, વારસિયા) તથા (૩) કમુબેન મુકેશભાઈ (રહે. જૂના આર.ટી.ઓ. રોડ, વારસિયા) ના આધારકાર્ડમાં ફેરફાર કરવા મારા નામ અને હોદ્દાના સિક્કાનો દુરુપયોગ કરી સહી કરી આધાર કાર્ડ અપલોડ કરે છે.

# જામનગરમા પરણીતાએ ફીનાઈલ પી લેતાં હોસ્પિટલમાં ખસેડાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) જામનગર

જામનગરમાં મોરકંડા રોડ પર રબારી પાર્ક સોસાયટીમાં રહેતી નસીમબેન અવેશભાઈ મન્સૂરી નામની ૪૦ વર્ષની યુવતીએ ગઈકાલે પોતાના ઘેર ફીનાઈલ પી લેતાં વિપરીત અસર થવાથી તેણીને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેણીની સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે પોલીસને જાણ થતાં મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.પી.જાડેજા જી.જી.હોસ્પિટલમાં પહોંચી ગયા હતા, અને નસીમબેનનું નિવેદન નોંધ્યું હતું. જેમાં પતિની મારકુટ અને ત્રાસના કારણે તેણીએ આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસમાં જાહેર કરાયા અનુસાર નસીબ બેનને તેણીનો પતિ અવેશ વલીભાઈ મન્સૂરી કે જે ઘરકામ બાબતે અવાર નવાર ગાળો આપીં મારકુટ કરતો હતો અને ગઈકાલે પોતાને જાપટો મારી સાવરણી વડે મારઝુડ કરતો હોવાથી તેના ત્રાસથી કંટાળી જઈ ફીનાઈલ પી લીધું હોવાનું જણાવ્યું હતું.

# ભાવનગર મંડળ ખાતે સ્વતંત્રતા દિવસ સમારોહ -૨૦૨૫ના અંતર્ગત 'સ્વચ્છતા અભિયાન'નું શુભારંભ



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ ખાતે 'સ્વતંત્રતા દિવસ સમારોહ ' ૨૦૨૫ના અંતર્ગત ૦૧ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ સુધી 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત મંડળ વિસ્તારમાં વિવિધ સ્વચ્છતા જાગૃકતા અને સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. મંડળ રેલ પ્રબંધક શ્રી રવીશ કુમારએ રેલવે કર્મચારીઓ અને અધિકારીઓને સ્વચ્છતા પ્રત્યે સજાગ રહેવા અને દર વર્ષે ૧૦૦ કલાક એટલે કે દર અઠવાડિયે ૨ કલાક શ્રમદાન કરવા અને અન્ય લોકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરીને સમગ્ર દેશને સ્વચ્છ બનાવવામાં મદદ કરવાના શપથ લેવડાવ્યા હતા.

આ અભિયાન હેઠળ, મંડળમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરવા અને રેલવે ટ્રેક અને તેની આસપાસના વિસ્તારોમાંથી કચરો દૂર કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું રાજ્યના મહાનગરો-નગરોને પ્રેરક આહ્વાન

# શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં રાજ્યના શહેરો પોતાનો આગવો વિકાસ વિઝન રોડમેપ તૈયાર કરી તેના અમલનું ટાઈમ બાઉન્ડ પ્લાનિંગ કરે

## પાટનગર ગાંધીનગરના ૬૧માં સ્થાપના દિવસે ગાંધીનગરના વિકાસ વિઝન ડોક્યુમેન્ટનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોન્ચિંગ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫માં રાજ્યના મહાનગરો અને નગરોને પોતાના આગવા વિકાસ વિઝન સાથેના રોડ મેપ તૈયાર કરીને તેના અમલ માટેના ટાઈમ બાઉન્ડ પ્લાનિંગ માટે પ્રેરક આહ્વાન કર્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે આવા વિકાસ વિઝનની શ્રેષ્ઠતાની સ્પર્ધાઓ થાય અને ગુજરાતના શહેરો શહેરી વિકાસમાં દેશનું દિશા દર્શન કરનારા બને એવી આપણી નેમ છે.

મુખ્યમંત્રીશ્રી રાજ્યના પાટનગર ગાંધીનગરના ૬૧ માં સ્થાપના દિવસ અવસરે ગાંધીનગર મહાનગર પાલિકાના વિકાસ વિઝનના લોન્ચિંગ અવસરે અધ્યક્ષીય સંબોધન કરી રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરને સ્વછતા સર્વેક્ષણમાં તાજેતરમાં રાષ્ટ્રીય સ્તરે સન્માન અપાવવાના પાયામાં રહેલા સ્વછતા દુતોનું સન્માન પણ કર્યું હતું. તેમણે કહ્યું કે, ગાંધીનગરે ગ્રીન સિટી સાથે હવે ક્લીન સિટી નું બિરૂદ મેળવ્યું છે તે જાળવી રાખવાની સૌની સહિયારી જવાબદારી બની રહે છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૦૫ માં શહેરી વિકાસ વર્ષની ઉજવણી કરીને શહેરી વિકાસ ની આખી પરિભાષા બદલી નાખીને હોલીસ્ટિક સિટી ડેવલપમેન્ટનો નવતર અભિગમ આપ્યો છે.

એટલું જ નહિ, નળ ગટર અને રસ્તાની સુવિધાથી આગળ વધીને નાગરિક લક્ષી સેવાઓ ટેકનોલોજીના ઉપયોગથી વિસ્તારવાની દિશા આપી છે. શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ ની આ ઉજવણીની સફળતાથી રાજ્યના શહેરો પ્રાણવાન અને ઉર્જાવાન બન્યા છે તથા અર્બન ડેવલપમેન્ટ નો નવો નકશો કંડારાયો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે શહેરી વિકાસની બે દાયકાની સિદ્ધિઓ અને સફળતાને પગલે આપણે હવે વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટની નેમ સાથે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ ઉજવી રહ્યા છીએ. આ હેતુસર રાજ્યના અર્બન ડેવલપમેન્ટ બજેટમાં આ વર્ષે ૪૦ ટકાનો વધારો કરીને ૩૦ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત ૨૦૪૭નો જે સંકલ્પ કર્યો છે તેને રાજ્યના શહેરો સ્માર્ટ અને સસ્ટનેબલ સિટી ડેવલપમેન્ટથી સાકાર કરશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમણે દેશના વિકાસના આ અમૃત કાળમાં 'કેચ ધ રેઈન' માટે મોટા પાયે વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર અને અર્બન ફોરેસ્ટ વધારીને તેમજ 'એક પેડ માં કે નામ' દ્વારા ગ્રીન કવર વધારવાની અપિલ કરી હતી. પર્યાવરણ જાળવણી સાથેના વિકાસ માટે હિમાયત કરતાં મુખ્યમંત્રીશ્રીએ સોલાર રુફટોપ અને વધુ ને વધુ ઈ-મોબિલીટી અપનાવવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં તેમજ ગાંધીનગરના સાંસદ-કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શનમાં ગાંધીનગરનો અવિરત વિકાસ થઈ રહ્યો છે.

ગાંધીનગરની વિકાસ યાત્રા વિશે તેમણે કહ્યું કે, રાજ્ય સરકારની વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પરિણામે વર્ષ ૨૦૧૦માં જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાની રચના થઈ ત્યારે માત્ર રૂ. ૭.૪૭ કરોડનું બજેટ હતું, જે હાલમાં વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજે રૂ. ૧,૭૧૮ કરોડ કરતાં વધુનું થયું છે ત્યારે સૌ સાથે મળીને ગાંધીનગરને 'ઉત્તમથી સર્વોત્તમ' સુધી લઈ જવાનું મેયરશ્રીએ આહ્વાન પણ કર્યું હતું. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રિટાબેન પટેલે શહેરના ૬૧માં સ્થાપના દિવસે સૌને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું હતું કે, રાજ્ય સરકારની પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિના પરિણામે નવીન શહેર અને રાજધાની તરીકે વિકસાવવામાં આવેલ ગાંધીનગરે આજે ૬૦ વર્ષ બાદ પોતાનો અલગ એક ઈતિહાસ રચ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ગાંધીનગરે આજે ગ્રીન સિટીમાંથી ગ્લોબલ સિટી તરીકે ઓળખ ઊભી કરી છે. ગાંધીનગરના વિકાસમાં યોગદાન આપનાર સૌ નગરજનો આજે ૬૧માં સ્થાપના દિવસે અભિનંદન પાત્ર છે તેમ, ધારાસભ્ય શ્રીમતિ રીટાબહેને ઉમેર્યુ હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'એક પેડ માં કે નામ ૨.૦' અંતર્ગત ટાઉનહોલ ખાતે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગ વ્યાસ, પક્ષના નેતા શ્રી અનીલભાઈ, દંડક શ્રી સેજલબેન પરમાર, મહાનગરપાલિકાના કમિશનર શ્રી જિતેન્દ્રસિંહ વાઘેલા, જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, શહેર ભાજપ પ્રમુખ શ્રી આશિષભાઈ દવે, પ્રભારીશ્રી નૌકાબેન પ્રજાપતિ, પૂર્વ મેયર, પૂર્વ ડેપ્યુટી મેયર, કોર્પોરેટર, પૂર્વ કોર્પોરેટર, મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ, શહેર અગ્રણીઓ, જયોતિ મહિલા મંડળ તેમજ ગાંધીનગર શહેર વસાહત જેવી સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**SLR કમ્પાર્ટમેન્ટના લીઝ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ના ડિવિઝનલ રેલવે મેનેજર (વાણિજ્યિક), IREPS દ્વારા BVP ડિવિઝનથી ઉપડતી વિવિધ ટ્રેનોના SLR કમ્પાર્ટમેન્ટના લીઝ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરે છે. હરાજીની વિગતો IREPS વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવી છે:

કરારનો પ્રકાર: પાર્સલ સ્પેસ નું લીઝિંગ — કેટલોગ નંબર: LEASE-2025- 13

સ્થાન અને સંપત્તિની વિગતો

SLR ના 3.9/04 ટન પાર્સલ સ્પેસના લીઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી:

| ક્ર. સં | ટ્રેન સં. | કમ્પ. | ફ્રિકવન્સી | થી | સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 12905 | FSLR-II | બુધવાર અને ગુરુવાર | PBR (પોરબંદર) | SHM (શાલીમાર) |
| 2 | 19218 | RSLR | દૈનિક | VRL (વેરાવળ) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 3 | 19204 | FSLR | શુક્રવાર | VRL (વેરાવળ) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 4 | 19016 | FSLR-I | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| 5 | 19016 | FSLR-II | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| 6 | 19016 | RSLR-I | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |

1. ઈ-ઓક્શનની તારીખ 18.08.2025 ના રોજ 11:00 કલાકથી શરૂ થાય છે.
2. હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-ઓક્શન લીઝિંગ પોર્ટલ પર નોંધણી જરૂરી છે.
3. વધુ વિગતો માટે, લોગ ઇન કરો: - www.ireps.gov.in

BVP091

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ગુજરાત પોલીસની ફરજ નિષ્ઠા અને કર્તવ્ય ભાવનાથી શાંતિ-સુરક્ષા અને સલામતીમાં અગ્રેસરતા સાથે ગુજરાત દેશના વિકાસનુ રોલ મોડલ બની શકયુ છેઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પોલીસદળમાં કર્તવ્ય નિષ્ઠાથી ઉત્કૃષ્ઠ ફરજો બજાવવા માટે રાષ્ટ્રપતિના ચંદ્રક મેળવનારા ગુજરાત પોલીસના ૧૧૮ અધિકારીઓ / કર્મચારીઓને આ ચંદ્રક એનાયત કર્યા હતા.

ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે યોજાયેલા ચંદ્રક અલંકરણના આ ગૌરવશાળી સમારોહમાં ગૃહમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મેડલ્સ મેળવનાર સૌ પોલીસ અધિકારી / કર્મચારીઓને અભિનંદન પાઠવતા સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે સમગ્ર પોલીસદળની ફરજ નિષ્ઠા અને કર્તવ્ય ભાવનાથી શાંતિ, સલામતી અને સુરક્ષા સાથે ગુજરાત દેશના વિકાસનુ રોલ મોડલ બની શકયુ છે.

તેમણે ચંદ્રક મેળવનારા પોલીસ કર્મીઓના પરીવારજનોને વિશેષ અભિનંદન આપતા કહ્યુ હતુ કે પોલીસની કપરી ફરજો બજાવવા માટે પરીવારનો સહયોગ, સહકાર પણ એટલો જ જરૂરી છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ કે પોલીસ એટલે પ્રજાનો રક્ષક જાન માલનો પહેરેદાર એ સહજ ભાવ સમાજમાં વણાઈ ગયો છે. લોકોમાં પોલીસ પ્રત્યે ભરોસો અને અપાર વિશ્વાસ છે. સમાજને રંજાડનારા તત્વો, ગુન્હાહિત માનસિકતાવાળા લોકોને પોલીસનો ડર રહે અને ખોટુ કરે જ નહી તેવો રૂઆબ અને રૂતબો પોલીસ વર્દીનો હોય તેવુ મુખ્યમંત્રીએ પોલીસદળને પ્રોત્સાહિત કરતા જણાવ્યુ હતું. તેમણે પોલીસ અધિકારી / કર્મચારીઓને ફરજો અને સમાજ પ્રત્યેની સુરક્ષા સેવા ભાવનાની કદરરૂપે મળતુ મેડલ સન્માન એ સમગ્ર પોલીસબેડા માટે ગૌરવ ઘટના ગણાવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વધુમાં કહ્યુ હતુ કે વડાપ્રધાન મોદીએ પોલીસબેડામાં તાલીમ અને પ્રશિક્ષણની આખી તાસીર બદલીને નવા પડકારોને પહોચીવળે તેવા આધુનિક અને સ્માર્ટ પોલિસીંગનો વિચાર આપ્યો છે. ગુજરાતમાં એમના દિશા દર્શનમાં ટેકનોલોજી યુકત સ્માર્ટ પોલિસીંગ માટે સીસીટીવી નેટવર્ક, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, બોડી વોન કેમેરા, સાયબર આસ્વસ્ત અને સાયબર સેઈફ પ્રોજેકટ તથા ડ્રોન ટેકનોલોજી જેવા પ્રોજેકટ સહિતના પોલીસ આધુનિકીકરણના નવતર આયામોની ભુમિકા મુખ્યમંત્રીએ આપી હતી. તેમણે વધુમાં કહ્યુ કે ટેકનોલોજીથી સજજ પોલીસદળને પરીણામે હવે ગુન્હાખોરી નિયંત્રણ અને ગુન્હેગારોને પકડી લેવાનુ ઝડપી બન્યુ છે.

ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમ, ડ્રગ્સ કાર્ટેલ અને આતંકવાદીઓના મોડયુલને જે રીતે ખુલ્લા પાડયા છે તે અભિનંદનપાત્ર છે. તેવુ પણ તેમણે કહ્યુ હતું. એટલુ જ નહી ગુજરાત પોલીસમાં નવી ભરતીમાં જે ટેકનોસેવી યુવાઓ આવ્યા છે તેના પરીણામે માત્ર સંખ્યા બળ જ નહી પોલીસ બેડાની શકિત પણ વધી છે. એમ તેમણે ગૌરવપૂર્વક જણાવ્યુ હતું. આ પ્રસંગે રાજયના પોલીસવડાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ હતું કે યુનિફોર્મ સર્વિસમાં જયારે કોઈ અધિકારી / કર્મચારીના વર્દી ઉપર ચંદ્રક, પદક કે બેઝ લાગે છે ત્યારે આ અધિકારી / કર્મચારીના મનમાં ગર્વનો અનુભવ થતો હોય છે. આજના દિવસે જે અધિકારીઓ / કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રપતિ પદક થી સન્માનિત કરી અલંકૃત કરવામાં આવ્યા છે. આ પદક તેમના આત્મવિશ્વાસમાં વધુ સારી કામગીરી કરવા ઉમેરો કરશે તેવો વિશ્વાસ છે.

આ સમારોહમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ કે દાસ, ડીજીપી (તાલીમ) નીરજા ગોટરૂ, આઈજીપી (વહિવટ), રાજયપોલીસના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ પોલીસ ચંદ્રક પ્રાપ્ત પોલીસ અધિકારી / કર્મચારીઓ અને તેમના પરીવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાગડાપીઠ પોલીસે નાગરિકોને ત્રણ નવા કાયદાથી માહિતગાર કરવા થીમ આધારિત ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યુ

કરસન સોલંકી દ્વારા,
અમદાવાદ, તા.૩૧,







દેશમાં અંગ્રેજો દ્વારા ૧૮૨૫માં IPC-CRPC સહિતનાં કાયદાઓ ઘડવામાં આવ્યા હતા.તેમાં ફેરફાર કરી ૧ જુલાઈ ૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને સાક્ષ્ય અધિનિયમ તરીકે લાગુ કરવામાં આવ્યા છે. આ નવા કાયદાઓ પ્રત્યે વિદ્યાર્થીઓ તથા લોકોમાં જાગૃતિ અને માર્ગદર્શન મેળવવાના આશયથી કાગડાપીઠ પો.સ્ટે. ખાતે વિવિધ શાળાના ૧૬૫ વિદ્યાર્થીઓ દ્વારા કાયદાની થીમ આધારિત ચિત્ર સ્પર્ધામા ભાગે લીધો હતો. જે ચિત્ર સ્પર્ધામાં પહેલા નંબર, બીજા નંબર અને ત્રીજા નંબરના વિજેતાઓને રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર આપી પુરસ્કૃત કરવામા આવ્યા હતાં.

કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન વાય.એ.ગોહિલ તથા કાગડાપીઠ પો.સ્ટે. સિનિયર પોલીસ ઈન્સ્પેકટર એસ.એ.ગોહિલ તથા સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર એસ.એસ.સોલંકી તથા શી-ટીમના મહિલા પોલીસ કર્મચારીઓ નાઓની અધ્યક્ષતામાં આ ત્રણ નવા કાયદાના થીમ મુજબની ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ હતું. અત્રે એ યાદ રહે કે દેશમાં ત્રણ નવા ભારતીય ફોજદારી ન્યાય વ્યવસ્થામાં ધરમૂળથી પરિવર્તન લાવશે. આ ત્રણેય કાયદા બ્રિટિશ યુગના ઈન્ડિયન પીનલ કોડ (આઈપીસી), ક્રિમિનલ પ્રોસિજર કોડ (સીઆપીસી) ૧૯૭૩ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ, ૧૮૭૨નું સ્થાન લેશે. નવા કાયદામાં રાજદ્રોહનું સ્થાન દેશદ્રોહ લેશે. આતંકવાદની વ્યાખ્યા સ્પષ્ટ કરાઈ છે. મોબ લિન્ચિંગ અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં નાંખનારા ગૂનાઓ, મહિલાઓ-બાળકો પર જાતીય ગૂનાઓની સજાને વધુ આકરી બનાવાઈ છે. આ કાયદાઓનો આશય કાયદાકીય વ્યવસ્થાને આધુનિક જરૂરિયાતોને અનુરૂપ બનાવવાનો છે.

# મુખ્યમંત્રીનુ અચાનક બપોરે દિલ્હીનુ તેડુ આવતા પહોચ્યા દિલ્હીઃ વડાપ્રધાન તથા ભાજપના નેતાઓને મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં અચાનક જ તેજ બનેલી રાજકીય પ્રવૃત્તિમાં એક તરફ દિલ્હીમાં ભાજપના વરીષ્ઠ નેતાઓ અને સંગઠન અંગે બેઠકનો દોર ચાલી રહ્યો છે. તે વચ્ચે આજે શનિવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને અચાનક દિલ્હીનુ તેડુ આવતા મુખ્યમંત્રી દિલ્હી પહોચી ગયા છે. આજે શનિવારે બપોર બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ભાજપના વરીષ્ઠ નેતાઓને મળશે.

શનિવારે રાત્રે જ તેઓ ગાંધીનગર પાછા ફરે તેવી શકયતા છે અને આવતી કાલે રવિવારે કેન્દ્રીય મંત્રી અને ગુજરાત ભાજપના ચુંટણી અધિકારી ભુપેન્દ્ર યાદવ પણ ગાંધીનગર પહોચે તેવી શકયતા છે. જો કે આ અંગે કંઈ કન્ફોર્મ થયુ નથી. પણ માનવામાં આવે છે કે મુખ્યમંત્રી ની દિલ્હી મુલાકાત મહત્વની છે અને તેમાં મંત્રી મંડળ વિસ્તરણ તેમજ સંગઠન બંનેની ચર્ચા થઈ શકે છે. આજે શનિવારે પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ પણ ગુજરાતમાં છે પરંતુ તેઓ પણ શનિવારે રાત્રે દિલ્હી પહોચી શકે છે. આમ ગુજરાતમાં હવે નવા પ્રદેશ પ્રમુખ આગામી સમયમાં નિમણુંક કરવામાં આવે તેવુ પણ ભાજપના ટોચના સુત્રો જણાવી રહ્યા છે.

# સુરતમાં પુત્ર સાથે આપઘાત કરનાર શિક્ષકની સ્યુસાઈડ નોટ અને ડાયરીમાં ચોંકાવનારા ખુલાસાઃ પોલીસે મૃતકની પત્ની અને તેના પ્રેમીની કરી ધરપકડઃ પતિ પત્ની ઔર વો

પ્રતિનિધિ,ગાંધીનગર






સુરત શહેરમાં જિલ્લા પંચાયત કવાર્ટરમાં રહેતા શિક્ષકે પોતાના બે પુત્રોને ઝેર આપી પોતે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધુ હતુ. આ ઘટનામાં પોલીસે પત્ની અને તેના પ્રેમી વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી ધરપકડ કરી છે. પત્નીના અફેરના કારણે શિક્ષકે આ પગલુ ભર્યુ હોવાનુ બહાર આવ્યુ છે.

મુળ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા ગામના વતની અલ્પેશભાઈ કાંતિભાઈ સોલંકી સુરત શહેરમાં રહેતા હતા અને ડીંડોલી ખાતે આવેલી સ્કુલમાં પીટી શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા, જયારે તેમના પત્ની જિલ્લા પંચાયત શિક્ષણ વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. અલ્પેશભાઈએ પોતાના બે પુત્ર ક્રિશીવ (ઉ.વ.૮) અને કર્નીશ (ઉ.વ.૨) સાથે આપઘાત કરી લીધો હતો. બંને બાળકો બેડ પર જયારે પિતા લટકેલી હાલતમાં મળી આવ્યા હતા. અલ્પેશભાઈ અને બે બાળકોના મોતને લઈને પરીવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પત્નીના અફેરના કારણે તેમજ પત્નીએ અલ્પેશભાઈને કહ્યુ હતુ કે શું બૈરાની માફક રડે છે તેવુ કહેતા લાગી આવતા શિક્ષક અલ્પેશભાઈએ આ પગલુ ભર્યુ હોવાનુ બહાર આવ્યુ હતું. આ ઘટનામાં પોલીસ દ્વારા મૃતક અલ્પેશભાઈના પત્ની ફાલ્ગુનીબેન અને તેના પ્રેમી નરેશ રાઠોડ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણા નો ગૂન્હો નોધી ધરપકડ કરી છે. ડીસીપી વિજયસિંહ ગુર્જરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ કેસની તપાસ કરી રહેલી પોલીસ ટીમે મૃતકના ઘરમાં સર્ચ કરતા બે ડાયરી અને સ્યુસાઈડ નોટ મળી આવી હતી. એટલુ જ નહી મૃતકના મોબાઈલમાંથી કેટલાક વિડીયો પણ મળી આવ્યા હતા. તો બીજી તરફ મૃતકના ભાઈએ પુછપરછમાં જણાવ્યુ હતુ કે મૃતકની પત્ની ફાલ્ગુનીને ખેતીવાડી વિભાગમાં ફરજ બજાવતા નરેશકુમાર રાઠોડ સાથે અફેર હતું. જેના કારણે મૃતક અલ્પેશભાઈ ખુબ જ તણાવમાં હતા અને આ કારણે તેમણે આ પગલુ ભર્યુ છે. આ વાતને લઈને અમે તપાસ હાથ ધરી અને મોબાઈલમાંથી પણ વિડીયો મળ્યા અને બે ડાયરી મળી છે. જેમાં લખ્યુ છે કે છેલ્લા એક બે મહિનાથી તેઓ આ પ્રકારની નોટ્સ બનાવી રહ્યા હતા.

આ ઉપરાંત જીવનના અત્યાર સુધીના યાદગાર ક્ષણો વિશે પણ તેમણે લખેલુ છે. હાલ બંને ડાયરીઓ તપાસ અર્થે કબ્જે કરવામાં આવી છે. ૫-૬ પેજનુ સ્યુસાઈડ નોટ છે. તે અલગ અલગ લખવામાં આવ્યુ છે, માતા પિતાને સંબોધીને અલગ અલગ વસ્તુઓ લખી છે, જયારે પત્નીને સંબોધીને અલગ લખ્યુ છે, જેમાં પત્નીના અફેરને લઈને તેઓ તણાવમાં હતા અને આ કારણે તેઓએ આ પગલુ ભર્યુ હતું તો ઉમરા પોલીસ મથકમાં ગુન્હો નોંધી ફાલ્ગુની અને નરેશ રાઠોડની ધરપકડ કરવામાં આવી છે. વધુમાં જણાવ્યુ હતુ કે મૃતકે પોતાના મૃત્યુ પહેલા આ વિડીયો બનાવેલા છે. જેમાં ખાસ પત્નીના અફેરના કારણોની વાત કરેલી છે, વારંવાર સમજાવવા બાદ પણ આ લોકો માન્યા નથી, મને ઘરે ટોર્ચર કરવામાં આવ્યો એ પ્રકારની વાતો છે, અમે મોબાઈલને એફએસએલમાં મોકલીને તપાસ કરીશુ, નરેશ સાથે જે સંબંધો છે તે કબુલ કર્યા છે, સ્યુસાઈડ નોટમાં કારણો અને દોષી છે તેને કડકમાં કડક સજા મળે તેવી પણ માંગ કરવામાં આવી છે.

નરેશના લગ્ન અગાઉ થઈ ચુકયા છે અને તેને એક પુત્ર પણ છે, તે હાલ સીંગલમાં છે, થોડા દિવસો અગાઉ તેની સગાઈ પણ થઈ હતી પણ તે આગળ ચાલી ન હતી, સગાઈને લઈને હાલ તપાસ ચાલુ છે અને લગભગ ૩ - ૪ વરસથી તેઓ રીલેશનસીપમાં હતા. વધુમાં જણાવ્યુ હતુ કે સ્યુસાઈડ નોટમાં અલગ અલગ પાર્ટમાં લખેલુ છે, માતા પિતા માટે અલગ વાતો લખેલી છે, ભાઈઓ માટે અલગ વાત લખેલી છે અને પત્ની માટે અલગ સ્યુસાઈડ નોટ છે, બે ડાયરીમાંથી એક ડાયરી પત્ની ફાલ્ગુની માટે લખેલી છે. બંનેના પિતા પોલીસ વિભાગમાં હતા અને તેઓ પોલીસ કોલોનીમાં પહેલીવાર મળ્યા હતા અને બંને વચ્ચે પ્રેમ થયો અને બાદમાં પરીવારજનોની મંજુરીથી લગ્ન કર્યા હતા. ત્યારથી લઈને આજદીન સુધીની વાતો લખેલી છે. સંબંધ વિશે જયારે તેને ખબર પડી ત્યારે કેવુ મહેસુસ કરતો હતો તે અંગે પણ લખ્યુ છે. ત્રણેયના મૃતદેહનુ પીએમ કરાવીને પરીવારજનોને સોંપવામાં આવ્યા હતા.

# રાજકોટમાં વધુ એક હત્યા : યુવાનની ઈજાગ્રસ્ત હાલતમાં લાશ મળતા ચકચાર

## દારૂની મહેફીલમાં મિત્રએ જ માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધુ હોવાની આશંકા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે. કહેવાય છે કે રોજેરોજ બળાત્કાર, ખુન, હત્યા અને લુંટના બનાવો વધી રહ્યા છે. ત્યારે ગૃહમંત્રી હર્ષ સંઘવીની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

રાજકોટ શહેરમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે. માયાણીનગર મેઈન રોડ પર ખીજડાવાળા રોડ નજીક ખુલ્લા પ્લોટમાંથી એક યુવાનની હત્યા કરાયેલી લાશ મળી આવતા માલવીયા નગર પોલીસ, એલસીબી ઝોન-૨ ની ટીમ, ડીસીપી તેમજ એસીપી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોચી ગયા હતા અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સીવીલ હોસ્પીટલ ખસેડયો હતો. મૃતક મુળ યુપીનો અને હાલ ૬ વરસથી રાજકોટ રહી અલગ અલગ કારખાનામાં મજુરી કામ કરતો હતો. હાલ હત્યાની ઘટનામાં મૃતકના મામાની ફરીયાદ આધારે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાજકોટ શહેરના માયાણીચોક નજીક ખીજડાવાળા રોડ પર આવેલા ખુલ્લા પ્લોટમાં યુવાનની લાશ પડી હોવાની માહિતી મળતા ૧૦૮ ને જાણ કરતા ઈએમટીએ યુવાનને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો.

યુવાનને માથાના ભાગે અને શરીરે બોથડ પદાર્થના ઘા ઝીંકાયેલા હતા. ત્યારબાદ આ ઘટના અંગે ૧૦૦ નંબર પર પોલીસને જાણ કરવામાં આવતા પીઆઈ જે આર દેસાઈ અને સ્ટાફ ઘટનાસ્થળે પહોચી ગયો હતો. આ તપાસ દરમિયાન યુવકની ઓળખ થઈ હતી તે મુળ યુપીનો વતની અને હાલ મવડીચોક નજીક રહેતો રાજેશ ઉર્ફે રાજુ ચિંતામણી રાજભર (ઉ.વ.૨૫) હોવાનુ બહાર આવ્યુ હતું. રાજેશ રાજકોટમાં ૫ વરસથી રહી ફેબ્રિકેશનનુ મજુરી કામ કરતો હતો અને પોતે અપરીણત હતો, આ ઘટનામાં પોલીસે તપાસ કર્યા બાદ મૃતદેહને પીએમ માટે સીવીલ હોસ્પીટલ ખસેડયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક રાજેશને માથાના ભાગે એક કરતા વધુ ઈજાના નિશાન હતા, તેમજ તેમને કોઈએ બોથડ પદાર્થના ઘા ઝીંકી પતાવી દીધાની પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળી રહ્યુ છે. મૃતક રાજેશની માતાનુ નામ સુશીલાબેન છે, રાજેશને દારૂ પીવાની ટેવ હોવાથી તેમને દારૂની મહેફીલમાં જ મિત્ર એ ઢીમ ઢાળી દીધાનુ પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યુ છે.

હાલ આ ઘટનામાં મૃતકના મામા ઓધેંશભાઈ રાજભર કે જેઓ મેટોડામાં રહે છે અને ત્યાં કંપનીમાં કામ કરે છે, તેમની ફરીયાદ પરથી હત્યાનો ગુન્હો નોંધવામાં આવ્યો છે. જો કે આ હત્યાની ઘટનામાં કારણ શું છે તે અંગે માલવીયા નગર પોલીસ મથકના પીઆઈ જે આર દેસાઈ, પીએસઆઈ ધાંધલ અને રાઈટર શૈલેષ સહિતના સ્ટાફે કાગળો કરી તપાસ શરૂ કરી છે.

# ૨૬ કરાયેલી ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો ૧૦ ટકે વટાવા નિકળ્યા : વડોદરા પોલીસે ૭૮.૪૦ લાખ સાથે કરી ૭ ની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ





ભારત સરકાર દ્વારા ૨૬ કરાયેલી ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો ના બંડલ લઈ ૧૦ થી ૧૩ ટકા થી વટાવી દેવાની ફીરાકમાં વડોદરા શહેરમાં ફરી રહેલી ટોળકીને એલસીબી ઝોન-૩ ને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર વડોદરા શહેરમાં કેટલાક શખ્સો ૨૬ કરાયેલી ૫૦૦-૧૦૦૦ ની લાખો ની રકમ લઈ વટાવવા માટે ફરી રહ્યા હોવાની ચોકકસ બાતમી એલસીબી ઝોન ૩ ની ટીમને મળી હતી. જેથી આ ટોળકીને ઝડપી પાડવા માટે પોલીસે ડીકોય છટકુ ગોઠવ્યુ હતું. દરમિયાન ૫ શખ્સો ૨૬ કરાયેલી ૫૦૦-૧૦૦૦ ની રૂપીયા ૨૪,૯૮,૫૦૦ ની રકમ લઈ પહોચતા તેમને ઝડપી લેવામાં આવ્યા હતા. આ તમામની પુછતાછમાં અન્ય શખ્સો પાસે પણ ૨૬ કરાયેલી ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો હોવાની માહિતી પોલીસને મળી હતી. જેથી પાદરા અને ડભોઈ રોડના બે શખ્સો પાસેથી ૫૦૦-૧૦૦૦ ની ૨૬ કરાયેલી ૫૩,૪૨,૦૦૦ ની રોકડ મળી આવતા બંનેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ૭ શખ્સો પાસેથી ૨૬ કરાયેલી ૫૦૦-૧૦૦૦ ની નોટ કુલ રૂપીયા ૭૮,૪૦,૫૦૦ જપ્ત કર્યા હતા. પોલીસે આ તમામ શખ્સોની પુછતાછ કરતા વાઘોડીયા રોડ સ્થિત વૈકુંઠ ૧ માં રહેતા અશોકભાઈ રામજીભાઈ કાટાવાળા ઈન્વેસ્ટમેન્ટના ધંધા સાથે સંકળાયેલા છે અને જે તે સમયે સરકાર દ્વારા ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો ૨૬ કરવામાં આવી હતી. તે સમય થી તેમની પાસે આ રોકડ પડી હતી. જે વટાવવા માટે તેઓ ગ્રાહકો શોધી રહ્યા હતા અને ૧૦ થી ૧૩ ટકા માં આ રકમ વટાવવાની ફીરાકમાં હતા.

જેથી આ તમામ સામે પાણીગેટ પોલીસ સ્ટેશન ખાતે બેંક નોટ્સની કલમ-૦૭ નો ભંગ કર્યા બાબતનો ગુન્હો નોંધી તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ૨૬ કરાયેલી ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો સાથે ઝડપાયેલા આરોપી શખ્સોમાં (૧) અશોક રામજીભાઈ કાટાવાળા (રહે વૈકુંઠ ૧ વાઘોડીયા રોડ, મુળ લુણાગામ પાદરા ) (૨) શૈલેષભાઈ સુરેશભાઈ સોલંકી (રહે. તેજાબ મીલની ચાલી, જૈનીથ સ્કુલ સામે પ્રતાપનગર ડભોઈ રોડ) (૩) સામંત ઉર્ફે જીગો જેસીંગભાઈ કાળાભાઈ ભરવાડ (રહે. ભાલીયાપુરા, મુળ ભાવનગર) (૪) નાથાભાઈ વેલાભાઈ ભરવાડ (રહે રાજનગર માલોદર ભરવાડવાસ, વાઘોડીયા) (૫) મુકેશભાઈ જહાભાઈ ભરવાડ (રહે ભરવાડવાસ, દંતેશ્વર વડોદરા) (૬) અહેમદ અયુબ મનસુરી (રહે ધનાની પાર્ક, મેમણ કોલોની, પાણી ગેટ) (૭) વજેકરણભાઈ કાવાભાઈ ભરવાડ (રહે. માણી કોમ્પ્લેક્ષ પાછળ ઉભા ચારરસ્તા, વાઘોડીયા રોડ )

# વિસાવદરમાં ગરીબોનુ અનાજ ખાઈ જનારા દુકાનદારો વિરૂધ્ધ ગોપાલ ઈટાલીયા પોલીસ સ્ટેશન બહાર બેસી ગયા

પ્રતિનિધિ,ગાંધીનગર




વિસાવદર ભેંસાણ પંથકના ગામડાઓમાં સસ્તા અનાજની દુકાનોમાં વ્યાપક પ્રમાણમાં થઈ રહેલા અનાજની ચોરી બાબતે ફરીયાદ કરવા માટે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પોલીસ મથકે પહોચ્યા હતા પરંતુ ત્યાં હાજર પોલીસ દ્વારા ફરીયાદ લેવાનો ઈન્કાર કરવામાં આવતા તેઓ તેમના સમર્થકો સાથે પોલીસ સ્ટેશન બહાર બેસી ગયા હતા. ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાના આક્ષેપ અનુસાર વિસાવદર ભેંસાણ પંથકના ગામડાઓમાં સસ્તા અનાજની દુકાનોમાં આવી રહેલા જથ્થામાં મોટા પ્રમાણમાં કરોડો રૂપીયાના અનાજની ચોરીનુ કૌભાંડ થયુ છે. તેમના આક્ષેપ અનુસાર એક મહિનાનુ અનાજ આપ્યુ છે અને બે મહીનાનુ અનાજ આપ્યુ હોય એ માટે અંગુઠો લઈ લેવામાં આવ્યો છે. આ રીતે એક મહિનાનુ અનાજ બારોબાર સગેવગે કરવામાં આવ્યુ છે. આ બાબતની ફરીયાદ લખાવવા માટે આજે શનિવારે બપોરે ૧૨ વાગે પોલીસ સ્ટેશન પહોચેલા ગોપાલ ઈટાલીયાની ફરીયાદ માં આ લખાઈ રહ્યુ છે ત્યારે સાંજે ૫ વાગ્યા સુધી માં પણ ફરીયાદ લેવામાં આવી ન હતી. ગોપાલ ઈટાલીયાના આક્ષેપનો વિડીયો પુરજોશમાં વાયરલ થઈ રહ્યો છે. સસ્તા અનાજના દુકાનોના અનાજ પુરવઠાનો મોટી માત્રામાં સગેવગે કૌભાંડને ઉજાગર કરતો ગોપાલ ઈટાલીયાએ પોતાના સોશીયલ મીડીયામાં વિડીયો મુકયો છે. જેમાં નાગરીકો દ્વારા કોમેન્ટ કરીને અનેક જગ્યાએ આ પ્રકારે કૌભાંડ થતા હોવાનુ પણ લખ્યુ છે, પોલીસ ફરીયાદ શા માટે નથી લેતી તેવા પ્રશ્નો પણ પુછવામાં આવ્યા છે.